Since 1925...

# ક.દ.ઓ. પ્રકાશ સમીક્ષા

જ્ઞાતિ પ્રવાહનું સાપ્તાહિક માધ્યમ

C.D.O. PRAKASH SAMIKSHA

Visit us at : www.prakashsamiksha.com • Email : kdoprakash@gmail.com

RNI રજી. બાદ વર્ષ : ૨૦ • અંક : ૧૮ • તા. ૦૧ મે ૨૦૧૭ થી ૦૭ મે ૨૦૧૭ • વાર્ષિક લવાજમ રૂા. ૫૦ • Regn.No. MCE/53/2015-17

## શ્રી વીરજી લધાભાઈ કે.ડી.ઓ. જૈન વિદ્યાર્થીગૃહ-ઘાટકોપર
## શ્રી ભવાનજી અરજણ ખીમજી એજ્યુકેશનલ કેમ્પસ

''કેરિયર કાઉન્સેલીંગ એન્ડ ડાયરેક્શન'' સેમિનાર રવિવાર, તા. ૨૩-૦૪-૨૦૧૭















વધુ તસ્વીરો છેલ્લા પાને અને અહેવાલ અંકમાં મધ્યમાં ૧૩મા થી ૧૬મા પાના સુધી

# શ્રી ક.દ.ઓ. મોતા પરિવારના કુળદેવી અંબાઈમાની ૨૧મી સમુહ પહેડી
## ગુડીપડવો, મંગળવાર તા. ૨૮ માર્ચ ૨૦૧૭




માતાજીનો શણગારેલ મંડપ



આવકાર



લાભાર્થી પરિવાર






માતાજીની સ્થાપના




પધારેલ ભાવિકજનો




સરસ્વતી સન્માન



ખેતરપારના જુહાર




થાળ ધરાવતા લાભાર્થી પરિવારના સભ્યો



માતાજીના જુહાર





માતાજીની આરતી કરતા લાભાર્થી પરિવારના સભ્યો



માતાજીના દર્શન



માતાજીની મુર્તિની ભેટ સ્વીકારતા ભુવાજી





અભિવાદન





માતાજીના રાસ ગરબા લેતા પરિવારજનો



પરિવારનો યુવા વર્ગ

**સૌજન્ય : માતુશ્રી ખમાબેન પદમશી મોતા પરિવાર (વાકું – મઝગામ)**

# શ્રી ક.દ.ઓ. મોતા પરિવારના કુળદેવી મા અંબાઈમાની સમૂહ પહેડી

**મોતા પરિવારના મા અંબાઈમાની સમૂહ પહેડી આ વર્ષે ગુડીપડવાના શુભદિવસે તા. ૨૮ માર્ચ ૨૦૧૭ના સવારના ૯.૩૦ કલાકે, શ્રી માટુંગા કચ્છી શ્વે. જૈન સંઘની નારાણજી શામજી વાડી ખાતે યોજવામાં આવી હતી. આ વર્ષે પહેડીના લાભાર્થી પરિવાર હતા મા. ખમાબેન પદમશી લખમશી મોતા પરિવાર હા. સૌરભ અને ગૌરાંગ હિતેન્દ્ર મોતા (વાંકુ - મઝગામ)**

લાભાર્થી પરિવારે તિલક એવમ સંઘ પૂજનથી સૌને આવકાર્યા હતા. સવારના ૯.૩૦ વાગે લાભાર્થી પરિવારે વિધી સહિત માતાજીની સ્થાપના કરી પુજા વિધી કરી હતી.

સુંદર ફુલો સાથે માતાજીનો મંડપ સજાવવામાં આવ્યો હતો. માતાજીની સ્થાપના સાથે ઈલાબેન સંગારની પાર્ટીએ માતાજીની સંગીતમય અર્ચના-આરાધનાની શરૂઆત કરી હતી. સંગીત પાર્ટીમાં ગુજરાતથી આવેલ ગાયકે પોતાના પહાડી અવાજ અને લય સાથે ભાવિકોને માતામય બનાવી દીધા હતા. સંગીત સાધના ચાલુ હતી અને મોતા પરિવારની વહુઓ ખેતરપારની જૂહારની વિધી કરીને હોલમાં પધાર્યા હતા. લાભાર્થી પરિવારે વિવિધ નૈવેદ્યના થાળ, સંગીતમય અર્ચનાના સથવારે માતાજી સમક્ષ ધર્યા હતા. માતાજીની પહેડીના જુહાર વિધિવત લાભાર્થી પરિવારની વહુઓ એવમ મોતા પરિવારની વહુઓએ કરી માતાજીને આરાધ્યા હતા અને આનંદની પરાકાષ્ઠા છવાઈ ગઈ હતી.

બરાબર ૧૧.૫૫ કલાકે લાભાર્થી પરિવાર, ભુવાશ્રી, મોતા પરિવારના વરિષ્ઠ સભ્યોએ પરંપરાગત રીતીરિવાજ મુજબ માતાજીની આરતી કરી હતી. આરતી સંપન્ન થતા સૌને માતાજીની સુક્ષ્મ હાજરીની અનુભુતિનો અહેસાસ થયો હતો. સૌ મંત્રમુગ્ધ અને માતામય બન્યા હતા. આરતી બાદ પરિવારની નાની નિયાણીઓને પ્રસાદ લેવા આમંત્રણ અપાયું હતું.

તે સાથે મોતા પરિવાર તરફથી સને ૨૦૧૫-૧૬ના વર્ષના એસ.એસ.સી., એચ.એસ.સી. અને તે ઉપરાંત ડિપ્લોમા/ડિગ્રી એવમ વ્યવસાયિક પરીક્ષા પસાર કરેલ યુવાઓનું મોમેન્ટો એવમ સર્ટિફિકેટથી સરસ્વતી સન્માન કરાયું હતું. એસ.એસ.સી.માં વિશિષ્ઠ પરિણામ મેળવેલ કુ. સલોની અરુણ મોતા (મહેબુબ નગર)ને ઇનામ પણ અપાયું હતું.

પહેડી માટે વોટસએપ પર જાહેરાતનો વિડિઓ બનાવવા અને તે દિવસે જેનું ઉદઘાટન થયું તે મોતા પરિવારની વોટસએપ સેવાના આયોજન બદલ નિરવ મોતા એવમ વિરલ મોતાને ઈનામો આપીને શાબાસી આપી હતી.

અ.ભા.વિ. અચલગચ્છ સંઘના ઉપપ્રમુખ પદે ચુંટાયેલ શ્રી ચિમન મોતા અને તેરા ખાતે નવા અતિથી ગૃહ તથા મુંબઈ બોર્ડીંગ માટે માતબર દાન સહાય માટે વડિલશ્રી લક્ષ્મીચંદ ધારસી મોતાનું અભિવાદન કરાયું હતું.

સમસ્ત મહાજન શ્રી કિરીટ લાપસિયાના આર્થિક સહયોગથી અકસ્માતમાં દેહાવસાન થયેલ જ્ઞાતિજનોને રૂા. ૨.૫૦ લાખની આર્થિક સહાય આપે છે. હુબલીના શ્રી ગૌતમ રમેશ લાપસિયાના કુટુંબિજનોને સમુહ પહેડીમાં ચેક સુપ્રત કરવામાં આવેલ. આવા સામાજીક પ્રકલ્પમાં લાભ આપવા માટે મોતા પરિવાર સમસ્ત મહાજનનો આભાર માને છે.

પરિવારજનોને વર્ષ દરમ્યાન થયેલ કાર્યોની જાણકારી આપવામાં આવેલ. પરિવારના બાળકોને અપાતી શૈક્ષણિક ફી સહાય અને જરૂરતમંદ સભ્યોને મેડીકલ સહાય માટે યોગ્ય અનુદાન આપવા સૌને વિનંતી કરાઈ હતી.

આવતા વર્ષ માટે માતાજીના મંદિરે આરતી ધુપ-દીપની માસિક તિથી માટે નામ નોંધાવેલ પરિવારના નામોની જાહેરાત કરવામાં આવી હતી અને સૌનો આભાર માનવામાં આવ્યો હતો.

**આગામી પહેડીઓ :** ૨૦૧૮ - શ્રી ચિમનલાલ કલ્યાણજી મોતા પરિવાર હ. પ્રફુલભાઈ, ૨૦૧૯ - શ્રી ઉલ્લાસ નવિનચંદ્ર મોતા - રાણધણજર - મુલુંડ, ૨૦૨૦- શ્રી ત્રીકમજી રાયશી મોતા પરિવાર હ. પ્રફુલભાઈ - સુથરી, મુલુંડ તરફથી યોજાશે. સૌ લાભાર્થી પરિવારોનો આભાર મનવામાં આવ્યો હતો.

તે બાદ સૌ પરિવારજનો, મહેમાનોએમાતાજીને માતાજીને વંદન કરવા લાઈનમાં જોડાઈને શિસ્ત જાળવી હતી. સંગીત પાર્ટીએ સૌને માતાજીના ગરબા માટે આંમત્ર્યા હતા. યુવા / વડિલો સૌએ માતાજીની ભક્તિમાં જોડાઈને આનંદ માણ્યો હતો. પ્રસાદ લઈને માતાજીને યાદ કરતા સૌ વિખેરાયા હતા.

**મોતા પરિવાર વોટસઍપ સેવા :** મોતા પરિવારના ભાવિકજનોનો સંપર્ક કરી જાણકારી આપી શકાય તે માટે 'મોતા પરિવાર' નામનો વોટસઍપ ગ્રુપ ચાલુ કરાયેલ છે. મો.નં. 07666346732 પર આપનો એન્ડ્રોઈડ ફોન નં. આપી નામ નોંધાવશો. દરેક ઘરમાંથી એક સદસ્ય સભ્ય બને. આ વોટસઍપ ગ્રુપ સોશ્યાલાઈઝીંગ માટે નથી. પરિવારના સમાચાર આપવા માટે છે. અતઃ બીજી કોઈ મેટર કે સુપ્રભાત /જય જિનેન્દ્ર વગેરે મેસેજીસ ન મોકલશો. આપ પણ પરિવારને જરૂરી મેટર મોકલી શકો તે માટે રાખેલ છે. સભ્યો શિસ્ત નહીં પાળે તો બ્રોડકાસ્ટિંગ સાઈટ બનાવી દેવામા આવશે. જેમાં એક તરફથી એડમીન જ પોસ્ટ કરી શકશે. આવી પરિસ્થિતી ઊભી ન થાય તે માટે સહકાર આપવા વિનંતી છે.

**સૌજન્ય : મા. ખમાબેન પદમશી મોતા પરિવાર** (વાંકુ - મઝગામ)

**આદ્યતંત્રીઓ**
**''પ્રકાશ''**
ડૉ. વેલજી પાસ્વીર ગોસર
**''સમીક્ષા''**
સનત્ શાહ અને
ગોવિંદજી જીવરાજ લોડાયા
**''પ્રકાશ સમીક્ષા''**
સનત્ શાહ

**: તંત્રી :**
રાયચંદ આર. નાગડા
: વ્યવસ્થાપક :
ચંદ્રસેન મોમાયા
મો. 09324618606

**સમિતિ સભ્યો**
કિરીટ લક્ષ્મીચંદ લાપસીયા
રાયચંદ રતનશી નાગડા
શરદ કાંતિલાલ શાહ (નાગડા)
કેશરસિંહ આણંદજી ખોના
તિલકચંદ કુંવરજી લોડાયા
કિરીટ ખેતશી મુનવર
કાશમીરા વિરેન્દ્ર લુઠીયા
હિરાચંદ દામજી દંડ
પંકજ પ્રતાપ શાહ
શૈલેશ સનત્ શાહ
જયંત વિશનજી છેડા
મુકેશ ભવાનજી લોડાયા

**અંક નં. 18/2017**

**: કાર્યાલય :**
પોસ્ટ/કુરીઅર પત્રવ્યવહાર માટે સરનામું
**C/o. Shri R. R. Nagda,**
**Advocate High Court**
29/41, Tamarind Lane,
Behind Poornima Rest.,
Rajabahadur Comp,
Nr. Stock Exchange Bldg.
Fort, Mumbai - 400 001

**સમય :** બપોરે ૧ થી ૪ ફક્ત
શનિ./રવિ. અને જાહેર રજાના બંધ

ચાલુ અંક માટે મેટર
સ્વીકાર માત્ર બુધવાર સુધી

પ્રકાશ-સમીક્ષા હવે નેટ પર....
www.prakashsamiksha.com
E-mail : kdoprakash@gmail.com

નોંધ : આ પત્રમાં પ્રકાશિત થતા લેખકોના સ્વતંત્ર અભિપ્રાય/મંતવ્યો સાથે તંત્રીમંડળ સહમત જ છે એમ માનવું નહીં. તેમજ આરોગ્યને લગતા લેખો કે કોઇ જાહેરાતોમાં કરવામાં આવતા દાવાઓ/વિધાનો અંગે પ્રકાશ-સમીક્ષા સમિતિની કોઇ જવાબદારી નથી.

# ભાંડૂપ અનંતસિધ્ધિનું રીડેવલપમેન્ટ

અનંતનાથજી ટ્રસ્ટના ટ્રસ્ટીઓએ ટ્રસ્ટની ભાંડુપ ખાતેની અનંતસિધ્ધિ તરીકે ઓળખાતી મિલકતના રીડેવલપમેન્ટ માટે પાંચ ટ્રસ્ટીઓની કમિટી બનાવીને, તે માટે આવશ્યક કાનૂની કાર્યવાહી શરૂ કરાઈ છે એવી જાહેરાત આપી છે. તેની સાથે આ રીડેવલપમેન્ટ, ટ્રસ્ટ પોતાના સાધનોથી જ કરશે એની નોંધ લેવા ખાસ જણાવ્યું છે.

આ જાહેરાત અંગે ખુશી વ્યક્ત કરતાં પારદર્શકતાના અભાવ અંગે ફરી એક વખત સકારણ ફરિયાદ કરવાનું જરૂરી બને છે.

પ્રકાશ સમીક્ષાના તંત્રીએ તંત્રીસ્થાનેથી વારંવાર ટકોર કરી છે કે વિવિધ સંસ્થાના પદાધિકારીઓએ મોટા મહત્વકાંક્ષી પ્રોજેક્ટ હાથ ધરતાં પહેલાં જ્ઞાતિ આગેવાનોની સભા બોલાવીને તેના બધા પાસાંઓ વિશે વિચારણા કરીને એ પ્રોજેક્ટ પોતાનો જ નહીં, સમસ્ત સમાજનો પ્રોજેક્ટ બને એવી ભૂમિકા રચવી જોઇએ.

વર્તમાન ટ્રસ્ટ બોર્ડ દ્વારા પ્રોજેક્ટ કન્સલ્ટન્ટ નીમવાની જાહેરાત કરેલી તે વખતે પણ પ્રકાશ સમીક્ષાના તંત્રીશ્રીએ તેમના એ પગલાંને વધાવતાં એવા પ્રોફેશનલ સલાહકારની મદદથી રીડેવલમેન્ટની યોજના તૈયાર કરી પારદર્શકતાપૂર્વક જ્ઞાતિ આગેવાનો સાથે વિચારણા કર્યા પછી એ યોજનાને અંતિમ સ્વરૂપ આપવું જોઇએ એવી સલાહ આપેલી.

હવે મુદાની વાત એ છે કે જો ટ્રસ્ટ પોતાની રીતે રીડેવલપમેન્ટની નાણાકીય વ્યવસ્થા કરવાનું છે તો એ પૈસા કેવી રીતે અને ક્યાંથી આવવાના છે ?

જો અનંતછાયાના વેચાણમાંથી આવેલા પૈસા વાપરવાના હોય તો પ્રથમ અગ્રતા પ્રકાશ સમીક્ષાના તંત્રીએ અવારનવાર કહ્યું છે તેમ, અનંતનાથ જિનાલય જ્યાં આવેલું છે એ મસ્જિદ બંદરના વિસ્તારને આપવી રહી. ત્યાં વસતિ ટકાવી રાખવા માટે ખર્ચ કરવો આવશ્યક છે.

આપણે સૌ જાણીએ છીએ કે ત્યાં રહેતા જ્ઞાતિના કુટુંબોની યુવા પેઢી સેલ્ફકન્ટેન્ટ ન હોય તેવા ઘરોમાં રહેવાની નથી. તેમને આ કારણસર અન્યત્ર ન જવું પડે એ માટે જ્ઞાતિએ ખર્ચ કરવો પડે તો પણ તે દરેક રીતે ઉચિત ગણાશે.

એક વાત ખાસ યાદ રાખવાની છે કે જે કોઈપણ અન્ય મિલકતો લેવાઈ કે વિકસાવાઈ છે તે આખરે અનંતનાથજી દાદાના ભંડારમાં અર્પણ થયેલ સંપત્તિમાંથી જ થઈ છે. તેથી તેની જ અવગણના કરીને અન્યત્ર મોટા પ્રોજેક્ટ લેવા કોઈ રીતે તર્કસંગત ન ગણાય.

તેવી જ રીતે ડોંબિવલીવાળાઓની દાયકાઓ પહેલાંની માગણીની પણ અવગણના થાય એ યોગ્ય નથી. પ્રકાશ સમીક્ષાના તંત્રીએ ભારપૂર્વક જણાવ્યું હતું કે કમ સે કમ ડોંબિવલીના જે પરિવારોને અસંસ્કારી અને બિન આરોગ્યપ્રદ વિસ્તારમાં રહેવું પડતું હોય તેમની તાત્કાલિક ધોરણે સારા વિસ્તારોમાં લીવ એન્ડ લાયસંસથી રહેવાની વ્યવસ્થા થવી જોઇએ.

આ તુરંત અમલમાં મૂકી શકાય તેવા સૂચનની પણ ટ્રસ્ટીઓ શા માટે અવગણાના કરે છે એ સામાન્ય સમજની બહારની વસ્તુ છે.

અનંતનાથજી ટ્રસ્ટના ટ્રસ્ટીઓ ભાંડુપમાં ખરેખર શું કરવા માગે છે એ બાબત તેમણે પારદર્શકતા દાખવી, વિગતો આપી નથી એટલે એ બાબત વધુ ચર્ચા કરવી વ્યર્થ છે, પણ એમને એ વાતની યાદ અપાવવાનું જરૂરી લાગે છે કે ઐરોલીની વાડી માટે લોન માંગતા તેઓ જે હાસ્યાસ્પદ સ્થિતિમાં મૂકાયેલા તેવું ફરીથી ન થાય તેનો ખાસ ખ્યાલ રાખે.

**– ચંદ્રસેન મોમાયા**

## ।। શ્રી વિમલનાથ ગૃહચૈત્ય ।।

### શ્રી અનંતનાથજી કોમ્પ્લેક્ષ, કાંજુરમાર્ગ આંગણે

અનંતનાથજી કોમ્પ્લેક્સ, નહેરૂ નગર, ડબ્બા કંપનીની બાજુમાં, કાંજુરમાર્ગ (પૂર્વ), મુંબઈ - ૪૦૦ ૦૪૨.

KDO
અણમોલ જ્ઞાતિ - અનંત ગૌરવ

**શ્રી કચ્છી દશા ઓશવાલ જૈન જ્ઞાતિ મહાજન - મુંબઈ**
**શ્રી અનંતનાથજી મહારાજ જૈન દેરાસર અને તેના સાધારણ ફંડો**
**શ્રી કચ્છી દશા ઓશવાલ જૈન સંઘ કાંજુરમાર્ગ** દ્વારા આયોજીત

### ગૃહચૈત્યે પ્રતિષ્ઠા પ્રસંગે ત્ર્યહાન્હિકા મહોત્સવે સસ્નેહ નિમંત્રણ

| મહોત્સવ પ્રારંભ : | પાવન પ્રતિષ્ઠા દિવસ |
|---|---|
| વિક્રમ સંવત ૨૦૭૩ વૈશાખ સુદ ૯, ગુરૂવાર, તા. ૦૪-૦૫-૨૦૧૭ | વિક્રમ સંવત ૨૦૭૩ વૈશાખ સુદ ૧૧, શનિવાર, તા. ૦૬-૦૫-૨૦૧૭ |

દિવ્યકૃપા : રાષ્ટ્રસંત, ભારતદિવાકર, અચલગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ.
**શ્રી ગુણસાગરસૂરીશ્વરજી** મહારાજા સાહેબ

જેમના પાવન ચરણો આ
ભૂમિને પાવન કરશે...
ગુરૂરાજ ! આવો દો આશીર્વાદ
અંતર પુકારે સત્ નો સાદ...

**મંગલકારી**
**નિશ્રા પ્રદાતા**
અચલગચ્છાધિપતિ
પ.પૂ.આ.ભ.
**શ્રી ગુણોદયસાગરસૂરીશ્વરજી**
**મ.સા.**




સાહિત્ય દિવાકર, પ.પૂ.આ.ભ.
શ્રી કલાપ્રભસાગરસૂરીશ્વરજી મ.સા.


સરલ સ્વભાવી પ.પૂ.આ.ભ.
શ્રી કવીન્દ્રસાગરસૂરીશ્વરજી મ.સા.


જ્યોતિષ સમ્રાટ્ પ.પૂ.આ.ભ.
શ્રી વીરભદ્રસાગરસૂરીશ્વરજી મ.સા.


આગમાભ્યાસી પ.પૂ.આ.ભ.
શ્રી મહોદયસાગરસૂરીશ્વરજી મ.સા.


યતિવર્ય પ.પૂ.
શ્રી મોતીસાગરજી ક્ષમાનંદજી મ.સા.

### આદિ શ્રમણ-શ્રમણીવૃંદ પધારશે

| | |
|---|---|
| **તા. ૦૪-૦૫-૨૦૧૭** | સવારના શ્રી વિમલનાથ ભગવાન/પરિકર નગર પ્રવેશ, કુંભ સ્થાપના, અખંડ દિપક, જવારા રોપણ, નવગ્રહ પાટલા પૂજન, ૧૦ દિક્પાલ પાટલા પૂજન, અષ્ટમંગલ પાટલા પૂજન ● પ્રભુજીની આંગી રાત્રિ ભક્તિ ભાવના |
| **તા. ૦૫-૦૫-૨૦૧૭** | પુજ્ય ગચ્છાધિપતિ શ્રી સહ આચાર્ય ભગવંતો શ્રમણ-શ્રમણીવૃંદનો ભવ્યાતિભવ્ય પ્રવેશ સવારે ૭.૦૦ કલાકે ● સવારે ૯.૦૦ કલાકે ગુરૂભગવંતોનો માંગલિક પ્રવચન-શ્રવણ, પ્રતિષ્ઠા મહોત્સવના શ્રી પરિકરની પ્રતિષ્ઠા, શ્રી વિમલનાથ દાદાની પ્રતિષ્ઠા, શ્રી ધ્વજદંડની પ્રતિષ્ઠા - પ્રથમ ધ્વજા સાથે, શ્રી કળશની પ્રતિષ્ઠા વગેરેના ચડાવા. |
| **તા. ૦૬-૦૫-૨૦૧૭** | સવારના શુભમુહૂર્તે વિમલનાથ ભગવાનની પ્રતિષ્ઠા ● લઘુશાંતિ સ્નાત્ર પુજન |

## આશા રાખીએ કે નુતન અનંતછાયાના કે.ડી.ઓ. રહેવાસીઓ નુતન જિનાલયને ધમધમતું રાખશે.

ઘાટકોપર અનંતછાયામધ્યે શ્રી અનંતનાથજી દાદાનો અંજનશલાકા પ્રતિષ્ઠા મહોત્સવ ક.દ.ઓ. મુંબઈ મહાજનના પ્રમુખશ્રી ક.દ.ઓ. સમસ્ત મહાજનના મેનેજીંગ ટ્રસ્ટી અને શ્રી અનંતનાથ દેરાસરના ટ્રસ્ટી શ્રી કલ્પેશભાઈ માણેકજી મોતાની રાહબરી હેઠળ અને પરમપૂજ્ય અચલગચ્છાધિપતિ સ્વર્ણિમ વર્ષીતપના આરાધક આ.ભ. શ્રી ગુણોદયસાગરસૂરીશ્વરજી મ.સા. ચાર આચાર્ય ભગવંતો અને પ્રભાવી શ્રમણ/શ્રમણી વૃંદની નિશ્રામાં ભવ્ય રીતે ઉજવાયો હતો.

ગુરૂમહારાજોના પ્રવેશ વરઘોડામાં, વિધિવિધાનના દરેક પ્રસંગોમાં ઘાટકોપર તથા મુંબઈના દરેક પરામાંથી હજારો જ્ઞાતિજનો/શ્રેષ્ઠીવર્યો, ભુતપૂર્વ પ્રમુખ સાહેબો, ટ્રસ્ટીઓ પધારી, ઉચ્ચ ઉછામણીઓ બોલી, સરસ લાભ લીધો.

અયોધ્યા નગરીના વિશાળ વાતાનુકુલિત સભાગૃહમાં બેસવાની સુંદર વ્યવસ્થા હતી અને ટીવી સ્ક્રીનોથી દરેક કાર્યક્રમ બધા આમંત્રિતો સારી રીતે જોઈ શકતા હતા. વિધિઓનું જીવંત પ્રસારણ સ્થાનિક ચેનલ પર પણ કરવામાં આવેલ.

ભરત ચક્રવર્તી મધુરમ ભોજનખંડના શિતલ વાતાવરણમાં શ્રી પ્રતાપ કેટરર્સે દરરોજ ત્રણ ટાઈમ વિવિધ પ્રકારની વાનગીઓ પીરસી હતી.

છેલ્લે દિવસે ચી. ભાવિબેન રાજેન લોડાયાની દીક્ષાનો પ્રસંગ પણ ઉલ્લહાસથી ઉજવાયો.

આશા રાખીએ કે નુતન અનંતછાયાના કે.ડી.ઓ. રહેવાસીઓ નુતન જિનાલયને ધમધમતું રાખશે.

**– રતિલાલ વાલજી ખોના**, માટુંગા


**પ્રકાશ- સમીક્ષાના જાહેરાત દર**

| પ્રકાર | સાઈઝ | કલર | બ્લેક/વ્હાઈટ |
|---|---|---|---|
| આખું પાનું | 160 x 225 mm | 9,000/- | 5,000/- |
| અડધું પાનું | 160 x 111 mm | 5,000/- | 2,700/- |
| પા પાનું | 77 x 111 mm | 3,000/- | 1,500/- |
| ૧/૮ પાનું | 77 x 54 mm | - | 800/- |
| ૧/૧૬ પાનું | 77 x 27 mm | - | 450/- |

ચેક C.D.O. PRAKASH SAMIKSHA SAMITI ના નામે લખવા

**જાહેરાત/લવાજમ ભરવા અમારી બેંક અકાઉન્ટની વિગત નીચે મુજબની છે.**

For NEFT Transfer
Type of Account : Saving
Account Number : 002001003686
Name of the Bank : Shri Arihant Co-op Bank Ltd.
IFSC Code : ICIC00ARIHT
MICR Code : 400800003
Name of the Account: C D O Prakash Samiksha Samiti
For Mobile App Transfer
Our MMID Code : 8359036
Our Cell Number : 9324618606
You must write seprate letter giving payment reference number, amount and date of transfer.
For old subscribers- Just give your Subscription Number for New Subscribers - Give full address as per above guidlines

જાહેરાત / લવાજમ મોકલ્યા પછી બેન્કનો રેફરન્સ નંબર, રકમ તથા તારીખની વિગત અલગથી મોકલવી.

જુના ગ્રાહકોએ ફક્ત ગ્રાહક નંબર મોકલવો.

નવા ગ્રાહકોએ પૂરું સરનામું ઉપર મુજબની સુચના પ્રમાણે લખી મોકલવું.

For Cheque Payment
Draw your cheque in the name of
**"C D O Prakash Samiksha Samiti"** and payable at par at Mumbai.

ચેકથી જાહેરાત/ લવાજમ ભરનારાઓને ચેક C D O Prakash Samiksha Samiti નાં નામથી મોકલવું. ચેક at par મુંબઈ હોવો જોઈએ.


### કે.ડી.ઓ. ક્લાસિક ફાઉન્ડેશન

કે.ડી.ઓ. ક્લાસિક ફાઉન્ડેશન દ્વારા નાણાકીય વર્ષ ૨૦૧૬-૨૦૧૭ દરમ્યાન ● આંખના મોતિયાના કુલ ૪૨ ઑપરેશન થયા. ● ડેન્ટલ વિભાગ હેઠળ કુલ ૯૭ લાભાર્થીઓને સારવાર અપાઈ. ● ડેન્ટલ સેવા માટેનું કેન્દ્ર : ડૉ. અમી શાહ, નેચર ડેન્ટલ, લક્ષ્મી નિવાસ, ૪૩૫, ભાઉદાજી રોડ, આંધ્ર બેંક સામે, માટુંગા, સેં.રે., મુંબઈ-૪૦૦ ૦૧૯. ● જન સુખાય પરમ સુખાય હેઠળ આશરે ૧૦૦૦ થી પણ વધુ આંખના ઑપરેશનો આજ સુધી કર્યા છે.

**ઑફિસનું સરનામું :** શ્રીમતી તેજલ રાજેશ શાહ, કે.ડી.ઓ. ક્લાસિક ફાઉન્ડેશન, C/o. મે. દોસ્તી રીયાલીટી લી., લૉરેન્સ મેયો હાઉસ, ૧લે માળે, ડૉ. ડી.એન. રોડ, ફોર્ટ, મુંબઈ-૪૦૦ ૦૦૧. ફોન : 022-2219 8500


રીયલ હેન્ડ એમ્બ્રોઈડરી, રીઅલ જરી, ચોકબંધ ઘરચોળા, ડિઝાઈનર સાડી, પ્યોર સિલ્ક સાડી તેમજ એક્સક્લુઝીવ ડ્રેસ માટે

Since 1982...

**Lagna Deep**



બી-૧૩, જલારામ આશિષ દેવીદયાલ રોડ, મુલુન્ડ (વેસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૮૦.
ફોન : ૨૫૬૮૦૮૦૭ (૦૨૨)
Mob.: 7666688881 / 7666622229

|| શ્રી શંખેશ્વર પાર્શ્વનાથાય નમઃ ||  || શ્રી સુપાર્શ્વનાથાય નમઃ ||  || શ્રી આદેશ્વરદાદાય નમઃ ||

|| શ્રી નમો નમઃ આર્યરક્ષિત - કલ્યાણ - ગૌતમ - ગુણ - ગુણોદય - કલાપ્રભ - કવિન્દ્ર - વીરભદ્ર - મહોદયસાગરસૂરીભ્યો નમઃ ||

# ૪૦૦ વર્ષથી અધિક મોડપર પ્રાચીન તીર્થની તૃતીય ધ્વજારોહણ - સાલગિરી પ્રસંગે પધારવા ભાવભર્યું આમંત્રણ

**શુભ આશિષ** : સુવર્ણ વર્ષીતપના આરાધક, અચલગચ્છાધિપતિ **પ.પૂ.આ.ભ. શ્રી ગુણોદયસાગરસૂરીશ્વરજી મ.સા.**

**શુભ કૃપા-પ્રેરણા** : મોડપર તીર્થ જીર્ણોધ્ધારક, સાહિત્ય દિવાકર, **પ.પૂ.આ.ભ.શ્રી કલાપ્રભસાગરસૂરીશ્વરજી મ.સા.**

**શુભ આશિષ** : નૂતન આચાર્ય ભગવંતો **પ.પૂ.આ.ભ.શ્રી કવીન્દ્રસાગરસૂરીશ્વરજી મ.સા., પ.પૂ.આ.ભ.શ્રી વીરભદ્રસાગરસૂરીશ્વરજી મ.સા., પ.પૂ.આ.ભ.શ્રી મહોદયસાગરસૂરીશ્વરજી મ.સા.,**

**નિશ્રા પ્રદાન** : અચલગચ્છાધિપતિના આજ્ઞાવર્તિની પ.પૂ.સા. શ્રી દિવ્યગુણાશ્રીજી મ.સા. અને પ.પૂ.સા.શ્રી કોટીગુણાશ્રીજી મ.સા. તથા અન્ય શ્રમણ-શ્રમણી વૃંદ જામનગર-હાલારમાં વિચરતા તેમની અનુકુળતા અનુસાર પધારશે.

## ધ્વજારોહણ-વર્ષગાંઠના કાર્યક્રમની રૂપરેખા

**પ્રથમ દિવસ : સંવત ૨૦૭૩, જેઠ સુદ ૭, ગુરૂવાર, તા. ૧ જુન, ૨૦૧૭**

**સવારના ૯.૦૦કલાકે** : પરમ પૂજ્ય મહારાજ સાહેબનું સ્વાગત સામૈયું

**બપોરના ૨.૩૦ કલાકે** : અઢાર અભિષેકની ઉછામણી તેમજ અભિષેક

૧) ગંભારામાં મુળનાયક સુપાર્શ્વનાથ અને ૪ ભગવાન ૨) મુનીસુવ્રત સ્વામી ૩) વાસુપુજ્ય સ્વામી ૪) નમિનાથ ૫) શંખેશ્વર પાર્શ્વનાથ ૬) આદેશ્વર દાદા ૭) મહાકાળી દેવી ૮) ચકેશ્વરી દેવી ૯) પદમાવતી દેવી ૧૦) સરસ્વતી દેવી ૧૧) શાંતીનાથ ૧૨) ગુરૂમંદિર ● **સાંજના ૭.૩૦ કલાકે :** ભાવના, ચડાવા વગેરે

**દ્વિતિય દિવસ : સંવત ૨૦૭૩, જેઠ સુદ ૮, શુક્રવાર, તા. ૨ જુન, ૨૦૧૭**

સવારના ૯.૦૦ કલાકે : સત્તરભેદી પુજા, શુભ મુહુર્તે, ધ્વજારોહણ ચડાવા, આરતી મંગલ દીવો, બહુમાન વગેરે

**કાર્યક્રમનું સંચાલન: વિધિ વિધાન અને સંગીત શ્રી કલ્પેશભાઈ શાહ, જામનગરવાળા પધારશે.**

## મહોત્સવના લાભાર્થી પરિવારો

૧) **તિર્થાધિપતિ શ્રી સુપાર્શ્વનાથ દાદા જિનાલયની ધ્વજા :**
માતુશ્રી મીઠીબાઈ ટોકરશી હંસરાજ મોતા પરિવાર (સાંધવ-ઘાટકોપર) હ. શ્રીમતી મણીબેન પ્રફુલ મોતા

૨) **૯૯ ઈંચના વિરાટ શ્રી આદેશ્વર દાદા જિનાલય ધ્વજા :**
માતુશ્રી નવલબેન જેતશી મેગજી શિયાલ પરિવાર (દલતુંગી-ડોંબીવલી) હ. અ.સૌ. કલાવંતી નરેન્દ્ર, નીતા ચંદ્રેશ, મેઘા જતીન તથા માતુશ્રી જયાબેન કુંવરજી ડાયાભાઈ ધરમશી પરિવાર (રંગપુર-સાંતાક્રુઝ) હ.અ.સૌ. ચંદ્રીકા નરેન્દ્ર કુંવરજી ધરમશી

૩) **મોડપર તીર્થ સ્થાપક દાદા ગુરૂદેવ શ્રી કલ્યાણસાગરસૂરીશ્વરજી મ.સા. ગુરૂમંદિર ધ્વજા :**
માતુશ્રી આશાબેન રમેશભાઈ હેમરાજ લોડાયા પરિવાર (મોટી ખાવડી-ડોંબીવલી)

૪) **તા. ૦૧-૦૬-૨૦૧૭ - પ્રથમ દિવસ :**
**બપોરના સાધર્મિક ભક્તિ :** માતુશ્રી લલીતાબેન કેશવજી કાનજી ધરમશી પરિવાર (રંગપુર-મુલુંડ)
**બપોરના ચા-પાણી અને સાંજન ચૌવિહાર :** માતુશ્રી વિજયાબેન ડુંગરશી શામજી લાપસીયા પરિવાર (દલતુંગી-મુલુંડ-જોધપુર) હ. અ.સૌ. પ્રજ્ઞા દિલીપ લાપસીયા

૫) **તા. ૦૨-૦૬-૨૦૧૭ - દ્વિતિય દિવસ :**
**સવારના નવકારશી, બપોરના જમણ તેમજ ચા-પાણી :**
માતુશ્રી નવલબેન મણીલાલ પદમશી દંડ પરિવાર (સેવક ભરૂડીયા-મુલુંડ) હ. અ.સૌ. હેમલતા મહેન્દ્ર, અ.સૌ. ઉર્મિલા અશોક અને અ.સૌ. સંગીતા રાજેશના વર્ષીતપ નિમિત્તે

## નિમંત્રણ

આ શુભ પ્રસંગે અચલગચછના અને શ્રી ક. દ. ઓ. જૈન જ્ઞાતિના આજુબાજુના ગામ રંગપુર, દલતુંગી, સેવકભરૂડીયા, મોટીખાવડી, નાની ખાવડી, ગોરખડી અને જામનગરના સર્વે ભાઈ-બહેનોને પધારવા ભાવભર્યું નિમંત્રણ છે.

**ભોજન શાળા : મોડપર મુકામે કાયમી ભોજનશાળા ચાલુ છે. લાભ લેવા વિનંતી**

**લી. શ્રી મોડપર સુપાર્શ્વનાથ શ્વેતાંબર મૂર્તિપૂજક જૈન દેરાસર અને ઉપાશ્રયના ટ્રસ્ટી**



| | | | |
|---|---|---|---|
| પંકજ કેશવજી ધરમશી | : **પ્રમુખ ટ્રસ્ટી** | દિલીપ ડુંગરશી લાપસીયા | : **કન્વીનર ટ્રસ્ટી** |
| નવીનચંદ્ર રતનશી શાહ | : **માનદ્‌મંત્રી ટ્રસ્ટી** | નરેન્દ્ર જેતશી શીયાલ | : **સહ કન્વીનર કારોબારી સભ્ય** |
| ઉત્તમ હેમરાજ લોડાયા | : **ખજાનચી ટ્રસ્ટી** | **ના જય જિનેન્દ્ર !** | |

**મોડપર કાર્યાલય :** મુ. પો. મોડપર, તા. લાલપર, જી. જામનગર, સૌરાષ્ટ્ર, ગુજરાત-૩૬૧ ૨૮૦. **પુજારી-જયંતીભાઈ ૦૮૧૪૧૮૩૦૧૧૯ / વિનોદભાઈ ૦૯૯૨૪૯૬૨૩૩૬**

UPASANA-9820167767

॥ શ્રી અનંતનાથાય નમો નમઃ ॥

# શ્રી સમસ્ત કચ્છી દશા ઓશવાલ જૈન મહાજન

જ્ઞાતિનો કેન્દ્રવર્તી મહાજન

ના કોઈની માથે, સદા સર્વથા સૌની સાથે


**કાર્યાલય : C/o. તન-મન ટુર્સ એન્ડ ટ્રાવેલ્સ, ૧૯-૨૦, મોનાણી સદન (ભુજબલ નિવાસ), ૧૯૦/૯૧, જવાહરલાલ નેહરૂ રોડ, ભારત બેંકની સામે, મુલુન્ડ (પ.), મુંબઈ - ૪૦૦ ૦૮૦.**


## સ્વર્ણિમ વર્ષીતપ પારણા : પ્રભાવના ફંડ : આનાફોડની નામાવલી

**અ.સૌ. ગીતાબેન વિનોદભાઈ ડાઘા** (વરાડીયા-મુલુંડ) ૧૧
સજોડે વર્ષીતપનિમિત્તે હ. **શ્રી શામજીભાઈ નરશી દંડ** (સાંધવ-મુલુંડ)
**માતુશ્રી પ્રેમીલાબાઈ મેઘજી મોતા** (વારાપધર-મુલુંડ) ૬
**હૉટલ તન-મન કોન્ટીનેટલ** (રાજગીર)
**માતુશ્રી ખેતબાઈ હંસરાજ લોડાયા પરિવાર** (આરિખાણા-મુલુંડ) ૫
**સંઘમાતા ભારતીબેન ભાગચંદ જૈન પરિવાર** (કોઠારા-મુલુંડ) ૫
**માતુશ્રી તેજબાઈ વીસનજી ઘેલાભાઈ છેડા** (સુથરી-ડોંબિવલી) ૨
**શ્રી ખીમજી ચત્રભુજ લાલકા** (વારાપધર-આદીપુર) ૨
**કુંદન નરેશ ખોના** (સુથરી-મસ્જીદબંદર) ૨
**શ્રીમતિ લક્ષ્મીબેન વિશનજી લાલજી સોની** (સુથરી-મુલુંડ) ૧
**માતુશ્રી નવલબાઈ જેતશી શિયાડ** (દલતુંગી-ડોંબિવલી) ૧
**માતુશ્રી ગુણવંતીબાઈ દેવશી જીવાણી** (જખૌ-ડોંબિવલી) ૧
**માતુશ્રી વાલબાઈ શામજી મોમાયા** (વરાડીયા-ડોંબિવલી) ૧
**માતુશ્રી કાંતાબેન રમેશ જેતશી ધુલ્લા** (તેરા-ડોંબિવલી) ૧
**માતુશ્રી નેણબાઈ હંસરાજ સોની** (સુથરી-મુલુંડ) ૧
**શ્રી લક્ષ્મીચંદ દેવજી સોની** (સુથરી) ૧
**શ્રી અશોક વેરશી મોતા** (સુથરી-અંધેરી) ૧
**શ્રીમતિ વિમળાબેન હેમરાજ મેઘજી ગોસર** (બાયઠ-ઘાટકોપર) ૧
**શ્રી માણેકજી ભવાનજી ભેદા** (વારાપધર-મુલુંડ) ૧
**શ્રી વસંત કરમશી વિકમશી** (જખૌ-દાદર) ૧
**શ્રી મોતીચંદ લાલજી ખોના** (નલીયા-મુલુંડ) ૧
**શ્રી કલ્યાણજી ચાંપશી છેડા** (નલીયા-ઘાટકોપર) ૧
**માતુશ્રી લક્ષ્મીબેન ભવાનજી લોડાયા** (નલીયા-મુલુંડ) ૧
**માતુશ્રી રતનબેન જેઠાલાલ દેવણાંધ છેડા** (નલીયા-મુલુંડ) ૧
**માતુશ્રી કસ્તુરીબાઈ રામજી ખોના** (નલીયા-ઘાટકોપર) ૧
**શ્રી દામજી નરશી સોની** (વાંકુ-મુલુંડ) ૧
**માતુશ્રી સોનબાઈ લાલજી લોડાયા** (વરાડીયા-ડોંબિવલી) ૧
**શ્રી લાલજી શામજી પટેલ** (સાંધવ-મુલુંડ) ૧
**શ્રી ઠાકરશી લાલજી શામજી પટેલ** (સાંધવ-મુલુંડ) ૧
**માતુશ્રી વેલબાઈ લધુભાઈ લોડાયા** (રાપરગઢવારી-ઘાટકોપર) ૧
**માતુશ્રી જવેરબાઈ ધનજી ધરમશી** (સુથરી-જુહુ) ૧
**માતુશ્રી તરલાબેન મણીકાન્ત હીરજી ધુલ્લા** ૧
**શ્રીમતિ વિરાજ મયુર મણીકાંત ધુલ્લા** (જખૌ-મુલુંડ) ૧
**માતુશ્રી માનબાઈ દામજી ખીંયશી મૈશેરી** (લાલા-મુલુંડ) ૧
**માતુશ્રી મધુરીબાઈ મણીલાલ વિસનજી મોમાયા** (સુથરી-મુલુંડ) ૧
**શ્રીમતિ ગીતાબેન મુકુંદ મોમાયા** તથા
**શ્રીમતિ જીગ્નાબેન નિતિન મોમાયા** (સુથરી-મુલુંડ) ૧
**માતુશ્રી ગુણવંતીબાઈ ભોજરાજ ભવાનજી નાગડા** ૧
(રાપરગઢવારી-મુલુંડ)
**માતુશ્રી દમયંતીબેન હંસરાજ દેવશી દંડ** (સાંધવ-મુલુંડ) ૧
**માતુશ્રી જયાબેન ચિમનલાલ મોમાયા** (વરાડીયા-ભાંડુપ) ૧
**માતુશ્રી કાંતાબેન વેરશી લોડાયા** (દલતુંગી-મુલુંડ) ૧
**માતુશ્રી નવલબાઈ મણીલાલ દંડ** (સેવક ભરૂડિયા-મુલુંડ) ૧
**માતુશ્રી મીઠીબાઈ લક્ષ્મીચંદ નાગડા** (રાપરગઢવારી-મુલુંડ) ૧
**માતુશ્રી સોનબાઈ રાયચંદ લોડાયા** (દલતુંગી-ડોંબિવલી) ૧
**શ્રીમતિ પ્રભાબેન તેજપાલ લખમશી ધરમશી** (લાલા-મુલુંડ) ૧
**માતુશ્રી હેમલતાબાઈ પ્રતાપ ગોવિંદજી લોડાયા** (સુથરી-મુલુંડ) ૧
**શ્રી ગુલાબ ડુંગરશી ધરમશી** (સાંધાણ-મુલુંડ) ૧
**શ્રી વીરચંદ નરશી લોડાયા** (રાપરગઢવારી-મુલુંડ) ૧
**શ્રીમતિ હેમલતાબેન નલીનકાંત પીર** (સુથરી-ડોંબિવલી) ૧
**માતુશ્રી મુરબાઈ ટોકરશી દામજી ધરમશી** (જસાપર-મુલુંડ) ૧
**માતુશ્રી હીરાબાઈ હંસરાજ નરશી મોમાયા** (સુથરી-ઘાટકોપર) ૧
**શ્રીમતિ ભાનુબેન જનક વેરશી મોતા** (સુથરી-વિલેપાર્લા) ૧
**કુ. દેવીકા / નેહા મોતા** (સુથરી-વિલેપાર્લા) ૧
**માતુશ્રી પ્રેમાબાઈ નરશી હંસરાજ કુરવા** ૧
(ગોધરા-નાની સિંધોડી-મુલુંડ)
**માતુશ્રી મણીબાઈ દામજી ગોસર** (ગોએર સમા-મુલુંડ) ૧
**માતુશ્રી રતનબાઈ ભવાનજી લોડાયા** (મોટી સિંધોડી-ડોંબિવલી) ૧
**શ્રીમતિ વિજયાબેન કુંવરજી હરશી લોડાયા** ૧
(રાપર ગઢવારી-ભાંડુપ)
**માતુશ્રી પ્રેમાબાઈ લાલજી શામજી અજાણી** (કોઠારા-મુલુંડ) ૧
**શ્રી ધનજી ભવાનજી ભેદા** (વારાપધર-મુલુંડ) ૧
**જવેરબાઈ શીવજી કુંવરજી વિકમશી** (રાણપર-લાલબાગ) ૧
**શ્રી જયંતિલાલ રાયશી ગોસર** (બાયઠ-અંધેરી વર્સોવા) ૧
**માતુશ્રી ખમાબાઈ પદમશી મોતા** (વાંકુ-મઝગાંવ) ૧
**શ્રી ચંદ્રકાંત હંસરાજ લોડાયા** (વારાપધર-વાપી) ૧
**શ્રી દેવચંદ શામજી ધરમશી** (સુથરી-માટુંગા) ૧
**માતુશ્રી વાલબાઈ દામજી નરશી ધ્રોળ પરિવાર** ૧
(સાંયરા-ડોંબિવલી)
**શ્રી રમેશ (કુંવરજી) મેઘજી મોતા** (રાપરગઢવારી-મુલુંડ) ૧
**માતુશ્રી લક્ષ્મીબાઈ વિસનજી છેડા** (નલીયા-મુલુંડ) ૧
**શ્રી પ્રફુલ્લ ચિમનલાલ મોતા** (તેરા-ડોંબિવલી) ૧
**અ.સૌ. ચારૂલતાબેન ભરતભાઈ મુલજી મૈશેરી** (જખૌ-મુલુંડ) ૧
**માતુશ્રી સુમતિબેન સોમચંદ દંડ** (વરાડીયા-વડાલા) ૧

## શ્રી સમસ્ત કચ્છી દશા ઓશવાલ જૈન મહાજન

**સ્વર્ણિમ વર્ષીતપ પારણા : પ્રભાવના ફંડ : આનાફોડની નામાવલી**

**શ્રીમતિ માલતીબેન હરીશ ધરમશી** (જખૌ-વાશી) ૧
**ડૉ. છેડા અભયકુમાર એચ.** (વારાપધર-વાપી) ૧
**કુ. ધનલક્ષ્મીબેન હીરજી ખિંયરાજ દંડ** (લાલા-મુલુંડ) ૧
**શ્રીમતિ પુષ્પાબેન પદમશી સાયલા** (તેરા-મુલુંડ) ૧
**માતુશ્રી ગંગાબાઈ ભવાનજી લોડાયા** (સાંયરા-ડોંબિવલી) ૧
**સ્વ. નિલમબેન પ્રવિણભાઈ મોતા** (કુવાપધર-ગોરેગામ) ૧
**શ્રી લહેરચંદ શીવજી નાગડા** (નલીયા-ઘાટકોપર) ૧
**શ્રી દાદા ભલારા** (રાપર ગઢવારી-મુલુંડ) ૧
**માતુશ્રી મણીબાઈ કાંતિલાલ ખીમજી ગોસર** (બારોઈ) ૧
**શ્રીમતી વિજયાબેન હરીશભાઈ ડાઘા** (વરાડીયા-ભાંડુપ) ૧
**શ્રી ચેતનકુમાર ખીમજી મોમાયા** (જખૌ-ઘાટકોપર) ૧
**માતુશ્રી ભચીબાઈ ધનજીભાઈ દંડ** (પરજાઉ-અમદાબાદ) ૧
**શ્રી હીરાચંદ વીસનજી લોડાયા** (રાપરગઢવારી-ડોંબિવલી) ૧
**શ્રી નેણશી દામજી સોની** (સાંયરા-ધુલીયા) ૧
**શ્રી ચંદ્રેશભાઈ હેમંત માંઈયા** (નાગ્રેચા-જલગામ) ૧
**અ.સૌ. નિર્મળાબેન પ્રફુલભાઈ લોડાયા** (મંજલરેલડીયા-ભાંડુપ) ૧
**અ.સૌ. ગીતાબેન વિનોદભાઈ ડાઘા** (વરાડીયા-મુલુંડ) ૧
**માતુશ્રી તિલકબાઈ કલ્યાણજી મૈશેરી** (માંડવી-મુલુંડ) ૧
**શ્રી ગુલાબચંદ ગોંવિદજી ચુરલા** (સાંધણ-મુલુંડ) ૧
**માતુશ્રી રમીલાબેન શીવજી લોડાયા** (કોઠારા-મુલુંડ) ૧
**માતુશ્રી કલ્પનાબેન લક્ષ્મીચંદ લાલકા** (લાલા-મુલુંડ) ૧
**માતુશ્રી પ્રભાવંતી જવેરચંદ મોમાયા** (ડુમરા-મુલુંડ) ૧
**માતુશ્રી નિર્મળાબેન નવીનચંદ્ર લોડાયા** (સાંધવ - મુલુંડ) ૧
**શ્રી રાયચંદ રતનશી કાયાણી** (સુથરી - મુલુંડ) ૧
**માતુશ્રી સોનબાઈ શીવજી પુનશી પોલડીયા** (ડુમરા-મુલુંડ) ૧
**માતુશ્રી જયાબેન શાંતિલાલ ખોના** (તેરા-મુલુંડ) ૧
**એક સદ્‌ગૃહસ્થ** ૧
**એક સદ્‌ગૃહસ્થ** ૧
**માતુશ્રી રતનબાઈ વેલજી આણંદજી પોલડીયા** (બાયઠ-મુલુંડ) ૧
**શ્રી ચેતનબાઈ માણેકચંદ લોડાયા** (નલીયા-ગોરેગાંવ) ૧
**અ.સૌ. સુશીલાના વર્ષીતપ નિમિત્તે**
**માતુશ્રી પુષ્પાબેન દામજી લોડાયા** (બાંઢીયા-ભાંડુપ) ૧
**શ્રી કાંતિલાલ ખીમજી કાયાણી** (જખૌ-મુલુંડ) ૧
**માતુશ્રી ભારતીબેન વીરચંદ પોલડીયા** (બાયઠ-ડોંબિવલી) ૧
**માતુશ્રી દમયંતીબેન ગોવિંદજી ધરમશી** (સાંયરા-ડોંબિવલી) ૧
**શ્રી વસંતભાઈ શીવજી પોલડીયા** (બાયઠ-બડગરા) ૧
**શ્રી હંસકુમાર એલ. છેડા** (સુજાપર-ભાંડુપ) ૧
**સ્વ. તારાબાઈ કુલીનકાંત લોડાયા** (બારોઈ-જલગામ) ૧
**સ્વ. ભાનુબેન મણીલાલ ધુલ્લા** (સુથરી-મુલુંડ) ૧
**અ.સૌ. પુનમબેન સુનિલ ગોંવિદજી શાહ** (નલીયા-અમદાવાદ) ૧
**શ્રી ચંદ્રકાંત બાબુભાઈ લોડાયા** (સાંધવ-અમદાવાદ) ૧
**અ.સૌ. મીતાબેન ટોકરશી નરશી લોડાયા** (સાંધવ-અમદાવાદ) ૧
**માતુશ્રી ચેતનાબેન કૈલાસ મોતા** (સુથરી-અમરાવતી) ૧
હસ્તે **અર્ચના - પ્રશાંત - નિતિ પૂર્વેશ**
**માતુશ્રી પ્રેમિલાબેન વસનજી ગોસર** (બાયઠ-ખંડવા) ૧
**માતુશ્રી નિર્મળાબેન મુલચંદ દંડ** (સુથરી-કોચીન) ૧
હસ્તે **તેજસ્વી - વિજય**
**માતુશ્રી જયાબેન ટોકરશી લોડાયા** (કોઠારા-ડોંબિવલી) ૧
**માતુશ્રી માનકુંવરબાઈ નરશી લોડાયા** (નલીયા-ચોપડા) ૧
**માતુશ્રી લક્ષ્મીબેન લહેરચંદ લોડાયા** (મંજલ) ૧
**શ્રીમતી મીનાબેન મનીષ લાલકા** (સુજાપુર) ૧
**શ્રીમતી ડિંપલ દિપક દંડ** (તેરા) ૧
**તથા ડીંજલ ભાવીન પાલાણી** (કોઠારા)
**શ્રીમાન એક સદ્‌ગૃહસ્થ** ૧
**માતુશ્રી ધનબાઈ પ્રેમજી નરપાર શાહ** (મોટી સિંધોડી-સાયન) ૧
**શ્રીમતી તેજલબેન રાજેશ શાહ** (મોટી સિંધોડી-સાયન) ૧
**શ્રીમતી મીનલબેન ભરત ખોના** (સુથરી-વાશી) ૧
**કુમારી પાયલ ભરત ખોના** (સુથરી-વાશી) ૧
**શ્રીમતી મધુબેન કુલીનકાંત નાગડા** (તેરા-નાંદેડ) ૧
**શ્રીમાન કુલીનકાંત ગોંવિદજી નાગડા** (તેરા-નાંદેડ) ૧
**શ્રીમતી હીરાવંતી પ્રતાપ ધુલ્લા** (જખૌ-વડાલા) ૧
**અ.સૌ. પૂર્વી વીશાલ પ્રતાપ ધુલ્લા** (જખૌ-વડાલા) ૧
**માતુશ્રી જયાબેન મોતીલાલ લોડાયા** (મોટીખાવડી-ઘાટકોપર) ૧
**માતુશ્રી મધુરીબેન સોમચંદ મોમાયા** (સુથરી-મુલુંડ) ૧
**માતુશ્રી વિજયાબેન વિસનજી ગોસર** (ગોએરસમા-મુલુંડ) ૧
**માતુશ્રી વનિતાબેન હિરાચંદ ડાઘા** (વરાડીયા-મુલુંડ) ૧
**માતુશ્રી જયવંતીબેન ચીમનલાલ લોડાયા** (મોટી સિંધોડી-મુલુંડ) ૧
**માતુશ્રી લક્ષ્મીબેન શાંતિલાલ ધરમશી** (સુથરી-મુલુંડ) ૧
**માતુશ્રી મધુરીબાઈ લઘુભાઈ લોડાયા** (સાંયરા-મુલુંડ) ૧
**માતુશ્રી ધનલક્ષ્મી સૂર્યકાંત લોડાયા** (રવા-મુલુંડ) ૧

**તપસ્વીશ્રીઓ, આપશ્રીઓના ઈક્ષુરસ પારણા નિર્વિઘ્ને પૂર્ણ થયેલ હશે. ખૂબ ખૂબ અનુમોદના.**

આનાફોડના સૌ સહયોગીઓનો ખૂબ ખૂબ 'આભાર'. આપશ્રીની રકમ જમા કરાવી દીધી હશે, 'આભાર' અને જો બાકી હોય તો.... **SHRI AKHIL BHARAT ACHALGARCHH VIDHIPAX JAIN SANGH** • ARIHANT BANK A/c. No. 002001005497 • IFC Code : ICIC00ARIHT માં ડાયરેક્ટ ભરી, સ્લીપ અમને ઈમેલ કે વૉટસએપ કરશો અથવા રોકડા, ચેક, DD, પે ઑર્ડર ઉપરોક્ત સરનામે મોકલી ઉપકૃત કરશોજી. સંપર્ક : **શ્રી ચીમન મોતા - 09322220708**
● **શ્રી પ્રવીણ લોડાયા - 09892486591** ● **શ્રી શામજીભાઈ દંડ - 09821227778**

## આરોગ્ય પ્રકાશ : ચમત્કારીક સુપર ફૂડ – સરગવાના પાન

– ડૉ. વીરચંદ લખમશી નાગડા, M.B.B.S. (Bom), મુલુંડ, M : 09757303562 / 07069621931

સરગવાના સીંગ તો આપણે ક્યારેક શાક તરીકે, કઢીમાં, સાંભારમાં કે બાફીને ખાઈએ છીએ, પણ સરગવાના પાન વિશે આપણને ખાસ જાણકારી નથી. આયુર્વેદના વિવિધ ગ્રંથોમાં ૩૦૦ થી વધુ દવાઓમાં સરગવાનો ઉલ્લેખ છે. આયુર્વેદમાં સરગવાની સીંગ ઉપરાંત, સરગવાના પાનના ભરપૂર વખાણ થયેલા છે. આજ વાત પશ્ચિમના ડૉક્ટરો, વૈજ્ઞાનિકો દ્વારા થોડા સમય પહેલા જ સિદ્ધ થયેલ છે. સરગવાના પાનમાં પુષ્કળ પ્રમાણમાં વિટામીન્સ, ખનીજો, પ્રોટીન, એમિનોએસીડસ્, ફાયબર, ક્લોરોફીલ (હરીત દ્રવ્યો) ઝીટીન નામનું તત્વ, એન્ટીઓક્સિડન્ટ વગેરે રહેલાં છે. સરગવાના પાનમાં એટલા બધા પોષક દ્રવ્ય છે કે આપણે ખાવામાં તેનો ઉપયોગ કરીએ તો આપણું આરોગ્ય બદલાઈ જાય, કાયાપાલટ થઈ જાય પણ સરગવો ઓર્ગેનીક રીતે વાવેલો અને ઉછરેલો હોય, રસાયણિક ખાતર, કેમિકલ્સનો બિલ્કુલ ઉપયોગ ન થયો હોવો જોઈએ.

સરગવાના પાનમાં ગાજર કરતાં ચાર ગણું વિટામિન 'A' હોય છે. વિટામીન 'A' આંખના રોગ સામે રક્ષણ પુરૂં પાડે છે, ત્વચા અને હૃદયની બિમારીથી બચાવે છે. તેમાં રહેલ વિટામીન $B_1$, $B_2$, $B_3$, જ્ઞાનતંતુને તંદુરસ્ત રાખે છે. સંતરા કરતા ૭ ગણું વિટામિન 'C' એમાં છે. વિટામીન 'C' થકાવટ દૂર કરે છે, પ્રતિકારક શક્તિ વધારે છે. બેક્ટેરીયા વાયરસ સામે લડવાની શક્તિ શરીરને આપે છે. ઘણા સંશોધનોમાં જણાયું કે વિટામિન A, E અને C દવાના સ્વરૂપમાં લેવામાં આવે તો તેટલા ફાયદા નથી થતા પણ કુદરતી રીતે ખોરાકમાં (સરગવાના પાન સ્વરૂપે) લેવામાં આવે તો ઉત્તમ પરિણામ આપે છે.

દૂધ કરતાં ચાર ગણું કેલ્શિયમ સરગવાના પાનમાં છે. પાનમાં એક અનોખું સંયોજન છે એ છે કેલ્શિયમ વિટામીન 'ડી'નું સંયોજન. તે હાડકા અને દાંત ને મજબૂત બનાવે છે, તેને લીધે કેન્સરનું જોખમ ઘટે છે. તેમાં રહેલ પોટેશીયમ મગજ અને નર્વ સીસ્ટમ (મજ્જાતંતુ)ને પુષ્કળ ફાયદો કરે છે. બ્રેઈન સ્ટ્રોકનું પ્રમાણ ઘટે છે. હાઈ બી.પી. કાબુમાં રહે છે. એકધારી સંતોષકારક ઉંઘ થાય છે. તેમાં ઝીંક રહેલ છે, જે વાળને ખરતા અટકાવે છે. તેમાં વધુ પ્રમાણમાં આયર્ન રહેલ છે, જે લોહીની ઉણપ ઘટાડે છે.

સરગવાના પાનમાં ૨૦ માંના ૧૮ એમિનોએસિડ છે. એમિનોએસિડના સંયોજનથી પ્રોટીન બને છે. પ્રોટીન શરીરને બહુ જ જરૂરી છે. શરીર માટે અત્યંત જરૂરી એવા આઠેય એમિનોએસિડ સરગવામાં છે. સામાન્ય રીતે આ બધાં એમિનોએસિડ નોન-વેજ આઈટમ અને ડેરી પ્રોડક્ટસમાંથી મળે. તેથી શાકાહારી લોકો આમાનાં ઘણા તત્વોથી વંચિત રહી જાય છે. સરગવાના પાન લેવાથી આ મહત્વના એમિનોએસિડ આપણા શરીરને મળે. એમાં રહેલ ફાયબરને લીધે કબજીયાત થતી નથી. કોલેસ્ટ્રોલ, ટ્રાયગ્લીસરાઈડનું પ્રમાણ શરીરમાં જળવાઈ રહે છે, પાચન વ્યવસ્થિત થાય છે. ઘઉંના જ્વારાના બહુ ગુણવાન ગવાય છે પણ જ્વારાના રસ કરતાં કેટલાય ગણા હરિત દ્રવ્યો, વિટામીન્સ, ખનીજ તત્વો વગેરે સરગવાના પાનમાં છે. તે રોગ પ્રતિકાર શક્તિ વધારે છે, ઘા રૂઝાવવામાં કુદરતી રીતે મદદ કરે છે, ઝેરી તત્વોને બહાર ફેંકી દે છે. એવા કેટલાક તત્વો છે જે ફક્ત સરગવાના પાનમાં જ છે. જગતના કોઈપણ સુપર ફૂડ કરતાં સરગવાના પાન એન્ટિઓક્સિડન્ટમાં ચઢિયાતા છે. હાર્ટ અને તેની નસોને સ્વસ્થ રાખવાની ક્ષમતા એમાં છે. દાહ દૂર કરતાં તત્વો તેમાંથી મળે છે જે અન્ય કોઈ સુપર ફૂડમાંથી નથી મળતા. અકાળે વૃદ્ધત્વ દૂર કરતાં તત્વો જેટલા પ્રમાણમાં સરગવાના પાનમાં છે તેટલા અન્ય કોઈ વનસ્પતિમાં નથી. આથી જ એનો ઉપયોગ કરવાથી આખા શરીરનો કાયાકલ્પ થાય છે.

સરગવાના પાન શક્તિથી ભરપૂર હોય છે અને આ શક્તિ સાકરના કારણે નથી તેથી એ શક્તિસંચાર ક્ષણિક નથી હોતો. એનો ઉપયોગ કરવાથી આર્થરાઈટીઝ, ડાયાબીટીઝમાં જબરજસ્ત ફાયદો થાય છે. શરીરની દાહ બળતરા દૂર થાય, અલ્સર હોય તો તે પણ દૂર થાય છે. શરીરમાં રહેલી ગાંઠ ઓગાળવાની શક્તિ સરગવાના પાનમાં છે. ચામડીના વિવિધ રોગો દૂર કરે છે. આખી નર્વ સિસ્ટમને સુધારે છે. એમાં એટલા

લગ્નસરાની સાડીઓમાં કેડીઓ જ્ઞાતિનું વિશ્વસનીય નામ
**અવસર સારીઝ**
* સાચી/ટેસ્ટેડ કસબ અને જીંક કસબ સાડીઓ, ચણીયા ચોલી.
* રીયલ/ટેસ્ટેડ ઘરચોળા, બોર્ડરો, પાનેતર, બાંધણીઓ તથા ફેન્સીવર્ક સાડીઓ
૧ રૂપલ અપાર્ટમેંટ, દાદાસાહેબ ફાળકે રોડ, સાધના હોટલની સામે,
દાદર (ઈસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૧૪. ફોન : 022-24164239
સંપર્ક : દિનેશ દેઢિયા - 92234 25676

|| શ્રી સચ્ચાઈ માતાય નમઃ || || શ્રી મોમાઈ માતાય નમઃ ||
**આદ્યશક્તિ ટ્રાવેલ્સ** ઘરના સભ્ય જેવા ડ્રાયવરો
ગાંધીધામ - કચ્છમાં એ.સી. કાર, નૉન એ.સી. કાર
ઈંડીકા / ઈંડીગો / સ્વીફ્ટ /તવેરા / તુફાન
સંપર્ક: શ્રી નરેન્દ્ર મણીલાલ શાહ (દંડ), બાયઠવાળા
099798 55686

બધા પોષક દ્રવ્યો છે કે એને પોષણનું પાવર હાઉસ કહી શકાય, એટલે જ એને ચમત્કારીક સુપર ફૂડ કહે છે.

આપણી ત્વચાની સાઈકલ સામાન્ય રીતે ૩૦૦ દિવસની હોય છે. દરેક ક્ષણે ત્વચાના ૪૦,૦૦૦ કોષ મૃત્યુ પામે છે અને નવા કોષો જન્મતા રહે છે. સરગવાના પાનમાં રહેલા તત્ત્વોને લીધે નવા કોષો ઝડપથી જન્મે છે. આવા તત્વોને લીધે આપણી ત્વચા તરોતાજા રહે છે અને આ પાનનો ઉપયોગ કરનાર વધુ યુવાન દેખાય છે. સંશોધનોમાં પુરવાર થયું છે કે સરગવાના પાનમાં બીજી વનસ્પતિની સરખામણીએ હજારગણું 'ઝીટીન' નામનું તત્વ શરીરને જલ્દી ઘરડું થવા દેતું નથી, યુવાની બક્ષે છે અને શરીર પ્રફુલ્લિત બને છે.

યુનો ના કુપોષણ કાર્યક્રમ સાથે જોડાયેલા પ્રોફેસર માઈક ગોલ્ડને કહ્યું છે કે તમે કેટલું ખાવ છો તે મહત્વનું નથી, પણ શું ખાવ છો તે મહત્વનું છે. અમુક પદાર્થોમાં વિટામિન્સ, મિનરલ્સ્, એમિનોએસિડ પુરતા પ્રમાણમાં ન હોય તો કુપોષણ થાય અથવા બીજી બિમારીઓ થાય. સરગવાના પાનમાં શરીરને ફીટ રાખે તેવા ચિક્કાર પ્રમાણમાં વિટામિન, મિનરલ, પ્રોટીન, ફાયબર, એમિનોએસિડ રહેલા છે.

દાહ બળતરા દૂર કરતાં ૩૮ તત્વો સરગવાના પાનમાં રહેલા છે. સરગવાના પાન લેવાથી કોઈ પ્રકારનું નુકશાન થતું નથી. બાળકો, યુવાન, આધેડ, વૃદ્ધ, સ્તનપાન કરાવતી માતા અને સગર્ભા સ્ત્રી પણ લઈ શકે છે. પ્રકૃતિએ સરગવાના પાન ગરમ નથી અને ગમે તે માત્રામાં લઈ શકાય છે. ડાયાબીટીઝના દર્દીઓ આ પાનનો ઉપયોગ શરૂ કર્યા પછી લોહીની તપાસ કરાવી ગોળીઓના ડોઝ એ પ્રમાણે ઘટાડવા નહીં તો લોહીમાં સાકર ઘટવાની શક્યતા છે.

સરગવાના તાજા પાન સુપમાં, ચટનીમાં નાખી શકાય, તેમજ મુઠિયા થેપલામાં વાપરી શકાય. પાન મુખવાસ બનાવતાં તેમાં પણ વાપરી શકાય. તે ઉપરાંત તેને સુકવીને પાવડર બનાવી લીધા પછી શાક કે ફરસાણમાં ઉમેરી શકાય. આ પાનનો સ્વાદ ખાટો, મીઠો કે તુરો બિલ્કુલ ન હોતાં કોઈપણ વાનગીમાં તેને ઉમેરતાં તેનો કંટાળો નહિં થાય. આમ બહુ ઉપયોગી અને રામબાણ ઈલાજ જેવી આ વસ્તુનો ઉપયોગ કરો અને સ્વસ્થતા મેળવો.


**શ્રી મહાવીર એમ્બ્રોઈડરી**

માટુંગા. ફોન : 2402 5070 / 86522 39537

- સાચી /ટિસ્ટેડ જરીની સાડીઓ – ચણીયા ચોલી
- ઘરચોળાની બોર્ડરો – ભારે પાનેતર
- પારસી હાથ અને મશીનની ૩૦૦ રેડી સાડીઓ
- તૈયાર તેમજ ઓર્ડરથી પણ

સોમવારે બંધ



તારીખ ટપકાવી લેશો

પરબ

શક્તિ સંજીવની સોસાયટી

સખ્ય ■ સાથ ■ સ્નેહ

તારીખ ટપકાવી લેશો

**'પરબ' પોતાની અનોખી અદાથી,**

**આગામી FATHER'S DAY ઉજવતાં**

**રજુ કરે છે.....**

**પેઢીઓ સુધી પ્રેરણાનું અમીસીંચન કરતાં રહે તેવા સમાજ રત્નોની એક ઝળહળતી હારમાળા :**

**"મુઠ્ઠી ઊંચેરા....."**

**શનિવાર, તા. ૩જી જૂન ૨૦૧૭ના દિને**

**સ્થળ : યોગી સભાગૃહ, કોહીનૂર રોડ, લોકમાન્ય તિલક કોલોની, દાદર (ઈસ્ટ), મુંબઈ.**

**વધુ વિગત આવતા અંકમાં**

# શ્રી વીરજી લધાભાઈ કે.ડી.ઓ. જૈન વિદ્યાર્થીગૃહ - ઘાટકોપર
# શ્રી ભવાનજી અરજણ ખીમજી એજ્યુકેશનલ કેમ્પસ

## ધોરણ ૯ થી ધોરણ ૧૨માં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને શૈક્ષણિક માર્ગદર્શન માટે ''કેરિયર કાઉન્સેલીંગ એન્ડ ડાયરેક્શન'' સેમિનાર

શ્રી વીરજી લધાભાઈ કે.ડી.ઓ. જૈન વિદ્યાર્થીગૃહ, શ્રી ભવાનજી અરજણ ખીમજી એજ્યુકેશનલ કેમ્પસ, શ્રીમતી લક્ષ્મીબાઈ વીરજી લધાભાઈ કે.ડી.ઓ. જૈન કન્યા છાત્રાલય, શ્રી કે.ડી.ઓ. સ્ટુડન્ટ એસોસીએશન, મુંબઈ અને શ્રી કે.ડી.ઓ. મંડળ, ડોંબિવલી દ્વારા સંયુક્ત રીતે પ્રોફેસર આર.એસ.એસ. મણી સંચાલિત **કેરીયર કાઉન્સેલીંગ અને ડાયરેક્શન સેમીનાર**નું આયોજન **વિદ્યાર્થીગૃહ, ઘાટકોપર** ખાતે **તા. ૨૩.૦૪.૨૦૧૭ના રવિવારે** બપોરે રાખવામાં આવ્યુ હતું. સો વિદ્યાર્થી-વિદ્યાર્થીનીઓ સાથે તેમના વાલીઓ મળી કુલ ૨૦૦ થી ૨૫૦ વ્યક્તિઓએ સેમીનારનો લાભ લીધેલ.

સંસ્થાના ટ્રસ્ટી શ્રી જયંતભાઈ લાપસીયાએ સેમીનારની જરૂરીયાત અને વિશેષતા સમજાવી સાથે સાથે પ્રો. શ્રી મણીનો પરિચય આપ્યો. સંસ્થાના ભૂતપૂર્વ વિદ્યાર્થી તથા હાલમાં સંસ્થાની મેનેજીંગ કમીટી તથા એજ્યુકેશન કમીટીના યુવા સભ્ય શ્રી અનુજભાઈ લોડાયાએ ટ્રસ્ટીશ્રીઓ, મેનેજીંગ કમીટીના સૌનું સ્વાગત કર્યુ.

તેમણે પોતાના વીરજી લધાભાઈ વિદ્યાર્થીગૃહના દિવસો સંભારીને હવે જ્યારે સંસ્થાએ વિદ્યાર્થીઓ માટે શ્રેષ્ઠ સગવડો નિર્માણ કરી છે ત્યારે તેનો પુરતો લાભ લેવાય અને શિક્ષણક્ષેત્રે જ્ઞાતિ અનુકરણીય દ્દષ્ટાંત બને તેવી ભાવના વ્યક્ત કરી હતી.

૩૦ વર્ષથી શૈક્ષણિક ક્ષેત્રે સંકળાયેલ પ્રો. મણીએ કેરીયર કાઉન્સેલીંગ સેમીનારની જરૂરીઆત બાબત વિદ્યાર્થીઓને સમજણ આપતા જણાવ્યું હતું કે આજથી ૪૦ વર્ષ પહેલા વિદ્યાર્થીઓ માટે આર્ટ્સ, સાયન્સ અને કોમર્સ જેવા ત્રણ જ વિકલ્પ હતા, જ્યારે આજે આ ત્રણે લાઈનમાં જવા ઈચ્છતા વિદ્યાર્થિઓ માટે પણ તેજ સ્ટ્રીમમાં વિવિધ વિકલ્પો ઉપલબ્ધ છે; જેમકે કોમર્સ કરતો વિદ્યાર્થી સી.એ. બની શકે અથવા કંપની સેક્રેટરી કોર્સ પસંદ કરી શકે, એમ.કોમ અથવા એલ.એલ.બી. જેવા વિકલ્પ પણ તેમને ઉપલબ્ધ છે. અને એટલેજ વિદ્યાર્થીઓને તેમને ગમતી તથા તેમની લાયકાત મુજબના કોર્સની પસંદગી કરવામાં સુગમતા રહે તે માટે આવા સેમીનાર અતંત્ય જરૂરી છે.

પોતાના કોલેજ કાળની વાત કરતા તેમણે જણાવ્યું હતું કે તેમના માતાની ઈચ્છા તેમનો સુપુત્ર એન્જીનિયર બને તેવી હતી, પરંતુ તેમને આર્ટ્સ લાઈનમાં રસ હતો અને તેમણે બી.એ. કરી હ્યુમન રીસોર્સીંગમાં એમ.બી.એ. કર્યુ. આજે તેઓ કોલેજમાં પ્રોફેસર તરીકે સેવા આપી રહ્યા છે અને પોતાની પ્રગતિથી તેઓ ખુશ છે. આજના માતા-પિતા પણ તેમના સંતાનની ઈચ્છા મુજબ જ કોર્સ પસંદ કરે તેવું વલણ રાખે છે; જે યોગ્ય નથી. સંતાનને જેમાં રસ હોય તે મુજબ તેમને કોર્સ પસંદ કરવાની છૂટ આપવાની ભલામણ તેમણે વાલીઓને કરી હતી.

વિશેષમાં પ્રો. મણીએ વિદ્યાર્થીઓને આજના યુગની જરૂરીઆત મુજબ પોતાને તૈયાર કરવાની સમજણ આપતા જણાવ્યું હતું કે વિદ્યાર્થીઓ તેમના રેગ્યુલર અભ્યાસ સાથે સાથે અંગ્રેજી, પર્સનાલીટી ડેવલપમેન્ટ, કોમ્પ્યુટર તથા ઈન્ટરનેટનું જ્ઞાન મેળવે. આજના સ્પર્ધાત્મક યુગમાં આ જ્ઞાન વગર વિદ્યાર્થીઓને પ્રગતિ કરવામાં અવરોધ આવે તેવું તેમણે જણાવ્યું હતું. પ્રો. મણીએ વિદ્યાર્થીઓ તથા તેમના વાલીઓના પ્રશ્નોના કારકિર્દીની પસંદગીમાં મદદરૂપ થાય તેવા જવાબ આપ્યા હતા.

સંસ્થાના મેનેજીંગ ટ્રસ્ટી શ્રી શિવજીભાઈ વિકમશીએ જેમ બહારની દુનિયામાં શિક્ષણ કરવટ બદલી રહ્યુ છે તેમ જ્ઞાતિમાં પણ શિક્ષણ કરવટ બદલીને સમયાનુરૂપ બની રહ્યું છે એ બાબત સંતોષ વ્યક્ત કર્યો હતો. તેમણે દાતાઓએ શિક્ષણનું મહત્વ પીછાણીને સંસ્થાનું મકાન નિર્માણ કરવામાં તથા જ્ઞાતિનું ભાવિ સુનિશ્ચિત કરવા માટેની શૈક્ષણિક યોજના માટે પણ ખૂબજ ઉત્સાહભેર સહયોગ આપ્યો તે બદલ તેમનો આભાર માનતા ખુશી વ્યક્ત કરી હતી.

સંસ્થાના મે. ટ્રસ્ટી શ્રી શીવજી કુંવરજી વીકમશી, શ્રી હંસકુમાર બી. ખીમજી, શ્રીમતી દમયંતીબેન ચાંપશી શાહ, શ્રીમતી હેમાબેન ગુલાબચંદ છેડા, ટ્રસ્ટી તથા મેનેજીંગ કમીટીના પ્રમુખ શ્રી મધુકાંત પદમશી ખોના, સાથે સાથે મેનેજીંગ કમીટીના માનદ્‌મંત્રી તથા સહ-માનદ્‌મંત્રી શ્રી નરેશભાઈ ભવાનજી મોમાયા અને શ્રીમતી કાશ્મિરાબેન

વિરેન્દ્ર લુઠીયા, મેનેજીંગ કમીટીના સભ્ય શ્રીમતી દિપ્તિબેન અનીલ ધરમશી ઉપસ્થિત રહ્યા હતા. કન્યાછાત્રાલયના પ્રમુખ શ્રીમતી વિમલાબેન હેમરાજ ગોસર, વિદ્યાર્થીગૃહની એજ્યુકેશન કમીટીના મેમ્બર શ્રી પરાગભાઈ છેડા, ડોંબિવલી મંડળના પ્રમુખ શ્રી અતુલભાઈ ધરમશી, શ્રી રાયચંદભાઈ જીવાણી, શ્રી હેમંતભાઈ ધુલ્લા, તથા કેડીઓ વિદ્યાર્થીસંઘના પ્રમુખ શ્રી તેજસ ખોના અને ઉપપ્રમુખ શ્રી હેમીલ ખોના, તેમજ મુંબઈ મહાજનના મહાનુભાવો શ્રી કમલેશભાઈ સોની, શ્રીમતી જલ્પાબેન લોડાયા અને શ્રી જતીનભાઈ ધરમશી અને મુંબઈ મહાજન તરફથી ચૂંટાયેલ શ્રી સી.ડી.ઓ. જૈન શિક્ષણ પ્રસારક સમિતીના ટ્રસ્ટી શ્રી સુનીલભાઈ લાલકા પણ ઉપસ્થિત રહ્યા હતા.

વક્તા પ્રો. મણીનું પુષ્પગુચ્છ થી સ્વાગત કરવામાં આવ્યું હતું.

# CAREER GUIDANCE & COUNSELLING

**Prof R S S Mani spoke at length about several career options that are available in todays education system. He cautioned all present that the availability of choices also lead to lots of confusion; hence suggested a few steps to plan careers effectively.**

**Step 1 : Careers Choices Discussion :**

All parents should ensure that they discuss the aspirations of their children with them. Caution should be exercised such that the parents do not force careers of their choice on the children or FORCE their vocation e.g. doctor, lawyer etc. He emphasized that careers in arts and commerce too have become equally rewarding today than ever before and parents should not insist children to necessarily pursue science stream only.



**Step II : Visit a Career Counselor**

It is expected that in every household there will be multiple opinions on the career track that the child should take up. This often results in opinions being forced on the child and thus a lot of uncertainty & confusion .It is here that a vocational test or a career choice test could be of great use to determine the future The advantage here is that that the counselor can give a dispassionate opinion based on the facts of the case and the best possible option.

**Step III : Develop Communication Skills**

One of the most important skills the youngsters should develop is the ability of expression. Very often, many students know various things but fail miserably because they are unable to express their thoughts with clarity. Students should be encouraged to develop oral communication skills. Efforts in the above direction will also make the students extrovert and make them more self-confident.

**Step IV : Develop the overall personality**

In today's competitive world the person who succeeds is the one who has multiple skills under his belt. Specialization in an area is important but one should not be an over-specialist. It is useful to inculcate interpersonal skills, teamwork skills to all children. These go a long way in boosting their confidence and also build better impressions on one and all around them. It is required that the parents encourage the child to actively participate in extra-curricular and co-curricular activities at the school & college level. It is here that they learn valuable lessons of competitiveness and sportsmanship.

**Step V : Increase their computer literacy**

Today's world is heavily computer driven and this skill would be a tremendous value addition to children. It is strongly recommended that children should be exposed to as much of computer skills and techniques. If they are interested, computer software is an excellent field to be in; else the value addition so acquired too could enrich the student to a great degree. Personal computers too have become very affordable and could provide an

unlimited world of learning to students via CDs ,DVD, etc. The Internet (world wide web - www) too is an infinite universe of learning opportunity.

Prof Mani then spoke about the complex job scenario wherin on one side we see qualified professionals desperately trying to find a job whereas there are many professions that need talent but are unavailable. In this backdrop, the need of the hour is that youth be aware & have an understanding of the emerging career options.

### Some of the more popular emerging careers are as under:

**1. Fashion -** The current cosmopolitan and fashion conscious wave that has taken over our country has opened up a huge arena for careers in fashion. These careers encompass traditional costume design, design of jewelry, footwear, wardrobe, costumes, accessories and the likes. A career in this industry is glamorous yet demanding and rewarding.

**2. Culinary Arts -** With food and cookery shows being the major trend across the world, culinary arts has now become the most sought after field for an enviable career. This sub domain of the hospitality sector has become a much sought after career option. This is a field where the age-old bias of gender does not prevail, and men and women alike are proving their worth in creating gastronomical delights.

**3. Para Medical Sciences -** In recent times, more focus is seen also on paramedical sciences, which acts as the support function to any medical practitioner. Areas such as optometry, pathology nursing and physiotherapy, dentistry & such has taken a leap to become a much sought after career option.

**4. Media & Entertainment -** In this information era , media and entertainment has become a force to reckon with ; this arena has become a huge career playground, with creativity and skills being at the forefront. This field comes with its share of glamour and visibility. We notice that FM Radio channels, TV channels, Internet companies, advertising agencies too are increasingly recruiting qualified professionals .Social Media too has become an important aspect of media strategy of companies & hence requires qualified professionals in plenty .

However every student needs to remember that to build a strong career, they must take this decision after thorough understanding of the prospective field and the underlying interest. The age of information overdose is such is such that it becomes important to pause, analyze and then decide on the career path to choose among the plethora of options available. It is here that a career counselor could be of help & guide the student in the right career path. It is also important for every student to focus on their overall personality development & communication skills as these are an integral part of their career success . Students are also advised that in order to build a solid career foundation, they must at least pursue a DEGREE course in their chosen area of interest .Short term courses etc may help you find a job in the short run BUT the career progression will be stunted over a period of time in the absence os a proper qualification. It would be then ideal to also complete a Masters degree in the chosen area of interest .

Besides Prof Mani patiently answered around 80 questions related to career tracks and how to prepare for them. He broadly covered career options in areas such as Engineering, Architecture, Design, Law, Chartered Accountancy, Cost and Work Accountancy, Company Secretary, Finance & accounting, banking, insurance. Financial Analysis, Stock Markets & Equity Research.

Further he also highlighted about careers in the Arts stream in areas such as Psychology, Economics, Languages, professional social work, hospitality management & such To summarize, he clarified that careers are made by conscious planning. One should never choose careers because they are popular or easy to complete but choose the appropriate/right career for the right person. Let us remember that if careers are not planned they may go haywire. Besides, the latent potential that people possess may remain subdued and suppressed.

Your Career Helpline :
**profmani@hotmail.com**

# જ્ઞાતિનું શિક્ષણ કરવટ બદલી રહ્યું છે

**સંસ્થાના મેનેજીંગ ટ્રસ્ટી શ્રી શિવજીભાઈ કુંવરજી વિકમશીનું મનનીય પ્રવચન**

માનનિય શ્રી પ્રો. મણિ શ્રી જયંતભાઈ, પધારેલ સજ્જનો, સન્નારીઓ અને મારા વિદ્યાર્થી બંધુઓ,



છેલ્લા થોડા વખતથી મને એમ લાગ્યા જ કરે છે કે શિક્ષણ ક્ષેત્રે સમાજ કરવટ બદલે છે. તેની પહેલી નિશાની, જે મકાનમાં અત્યારે આપણે હાલ બેઠા છીએ તે મકાન ફરીથી બાંધવું એવો આ વિચાર આપણે અમલમાં મૂકયો અને આપણે સદનશીબે એ મકાન આજે એકદમ અપટુડેટ સારામાં સારી રીતે પુરું થઈ ગયું છે જેનો આપણે ઉપયોગ કરવાની શરૂઆત કરીએ છીએ. તે ઉપરાંત એ મકાનને બાંધવા માટે જે ભંડોળ જોઈએ તે માટે પણ આપણે આખા શિક્ષણને આવરી લે એવી રીતે સારું એવું ફંડ ઊભું કરવાનુ નક્કી કર્યું અને તેની ઉઘરાવવાની શરૂઆત કરી. જ્યાં જઈએ ત્યાં આપણને બહુ સારો આવકાર મળ્યો. સમાજે બહુ પ્રેમથી આપણને પૈસા આપ્યા. જેમ મકાન આગળ વધતું ગયું તેમ આપણું ફંડ પણ આગળ વધતું ગયું અને ફંડને લીધે આપણા મકાનના બાંધકામમાં કયાંય રૂકાવટ આવી નહીં.

સમાજ શિક્ષણનું મહત્વ કેટલી બધી સમજથી થઈ રહ્યું છે તેનો દાખલો એજ છે કે આ ભંડોળમાં ૧૦ કરોડ જેવી માતબર રકમ કોઈ એક જણ પાસેથી નહીં, પણ ત્રણ ત્રણ જણ પાસેથી ૧૦-૧૦ કરોડ આપણને મળ્યા. એ પણ એક અચરજ જેવી વાત છે કે શિક્ષણ માટે આ એટલો મોટો ફાળો પહેલી જ વખત સમાજમાં ભેગો થયો છે અને તે પણ પ્રેમથી સામે આવીને લોકોએ આપ્યા છે. એજ બતાવે છે કે શિક્ષણની કરવટ બદલતી જાય છે. છેલ્લા ૧૦૦ વર્ષ ઉપરાંત આપણે આ સંસ્થાને બહુ સરસ રીતે ચલાવી અને એના ફળ એ મળ્યા કે સમાજમાં શિક્ષણનો ખુબજ પ્રસાર થયો. શિક્ષણ આપણી ધારણા કરતા પણ વધુ સરસ રીતે આગળ વધ્યું અને સમાજ શિક્ષણને લીધે આર્થિક રીતે પણ સારી રીતે સધ્ધર થતું ગયું. એ આ શિક્ષણનું સીધું પરિણામ છે. તો પણ શિક્ષણ સમાજને પૂરેપૂરું આવરી લે એટલે સુધી આપણે પહોંચાડી નથી શક્યા અને એને માટે હવે આપણે આ બીજો તબક્કો શરૂ કરીએ છીએ. એટલો જ મેં કહ્યું શિક્ષણ સમાજમાં કરવટ બદલે છે. અત્યાર સુધી ધીરે ધીરે કરી આપણે ઘણી પ્રગતિ કરી. હવે સમાજ જોશથી આગળ વધવા માગે છે. એનું એક દૃષ્ટાંત એ છે કે આજે આ સેમિનાર યોજાયો.

શૈક્ષણિક કારકિર્દી કેવી રીતે નક્કી કરવી અને કેમ લેવી અને એમાં શ્રી પ્રો. મણિ જે એના ખુબ અનુભવી માણસ આજે મળ્યા છે. એમને લાવનાર શ્રી જયંતભાઈ લાપસીયા જે સામાજીક કાર્યોમાં ખુબ ઓતપ્રોત છે, તે લઈ આવ્યા અને એમને આપણા વિદ્યાર્થી વર્ગે અને વાલી વર્ગે જે સવાલો પૂછ્યા તે ખરેખર આપણને હલબલાવી નાખે તેવા હતા. ખુબ ડીટેલમાં ખુબ વિગતવાર ખુબજ અભ્યાસ કરેલા, ચિંતન કરેલા સવાલો બધા વિદ્યાર્થીઓ અને વાલીઓ એમને પૂછ્યા. અને પ્રો. મણિએ પણ બહુ જ સંતોષકારક રીતે અને ખુબજ સારૂં માર્ગદર્શન મળે એ રીતે બધા જ સવાલોના જવાબ આપ્યા.

પ્રો. મણિ તો આપણને હવે ખુબજ ચાહતા થઈ ગયા છે અને વચન આપ્યું છે કે તમારું કામ હશે તો તેમાં પ્રથમ અગ્રતા આપીને ઊભો રહીશ. એવી જ રીતે ભાઈ શ્રી જયંતભાઈએ પણ આ કામ ખુબ ચુસ્તપણે અને ખુબ પ્રેમથી પોતાની ઉપર ઉપાડી લીધું છે. તે પણ એક શિક્ષણ કરવટ બદલે છે તેની એક મોટામાં મોટી નિશાની છે.

જેમ મકાન બનાવ્યું, ભંડોળ પણ માતબર ઊભું કર્યું તેવી રીતે આપણું વહીવતી તંત્ર છે. દા.ત. ટ્રસ્ટ બોર્ડ તેને પણ આપણે ખુબ જ મજબુત કર્યું

અને સમય સાથે ચાલીને શિક્ષણ ક્ષેત્રે જ્ઞાતિને ટોચ પર પહોંચાડી શકે તેવા નવલોહિયાઓને ટ્રસ્ટી રૂપે લીધા છે. તેવી રીતે જે સંસ્થાનું કાર્ય સંભાળે છે તે અધિકારીઓમાં પણ નવી સ્થિતિ સાથે તાલ મિલાવી શકે અને સારામાં સારી રીતે કામ કરે એવા ભાઈઓ લઈ આપણે આગળ વધીએ છીએ. તેનો ઉત્સાહ છે તે સાથે આપનો પણ જે ઉત્સાહ છે આપણે આજે આટલા બધા ભેગા થઈને આ પ્રોગ્રામને આવકાર આપ્યો છે. એજ બતાવે છે કે હવે આપણે શિક્ષણ માટે ખુબ સજાગ થઈ ગયા છીએ. એ સજાગતા હવે કાયમ રાખવાની છે. એને આગળ વધારવાની છે. સમાજના એક એક જણે નિર્ણય કરવો જોઈએ કે આપણે શિક્ષણનો પ્રસાર, શિક્ષણનો અમલ આપણી જ્ઞાતિમાં વધે તેને માટે પૂરેપૂરો એકે એક જણે પ્રયત્ન કરવો જોઈએ.

તેને માટે જ આપણે આ સંસ્થા બનાવી છે. આપણા બીજા ફંડો મજબુત બનાવ્યા છે. આર્થિક રીતે આપણે કદાચ પુરા પડી જશું બરાબર. પણ સમાજમાં જાગૃતિ આવવી જોઈએ. આપણે હવે શિક્ષણ લેવું જ છે અને સારામાં સારી રીતે આગળ વધવું છે અને એ આપણે બરાબર કરશું અને સમાજમાં શિક્ષણને છેલ્લામાં છેલ્લા ઘર સુધી લઈ જશું. દરેક ઘરમાં એક તો ડબલ-ગ્રેજ્યુએટ, પ્રોફેશનલ વિદ્યાર્થી આગળ વધી પુરું કરીને થવો જ જોઈએ. તો આખા સમાજની સિકલ બદલાઈ જશે. સમાજ દાન-મદદ લેનારને બદલે સમાજ આખો આપનાર થઈ જશે. લેનાર ઓછા હશે એ સ્થિતિ પર સમાજને લઈ જવો છે.

મારે એક બીજી વાત એ કરવી છે સમાજમાં દેવ-દેવીઓની ખુબ જ પુજા કરીએ છીએ. ખુબ જ ભક્તિભાવ બતાવી, ખુબ જ પૈસા ભેગા કરીએ છીએ, મારું કહેવું છે કે તેમાં સરસ્વતી દેવી છે જે સરસ્વતી દેવી બધાને વિદ્યા આપે છે તે દેવીની ઉપાસના કરીએ. પહેલુ પ્રાધાન્ય તેને આપીએ સરસ્વતી દેવીની ઉપાસના પણ એ ચીલાચાલુ રીતે ન થવી જોઈએ જેમ બીજા દેવ-દેવીઓની જેમ નહીં. સરસ્વતીની ઉપાસના એટલે આપણે આપણા બાળકોને સરસ્વતીને હવાલે કરી દઈએ. આપણા બાળકોને શિક્ષણ લેવા માટે એકદમ ઉત્સાહિત કરીએ, તેમાં લગાણીએ તો સરસ્વતી તેના પર વરસશે અને તેનામાં વસશે અને તેને ખુબજ ઉંચો લઈ જશે. આપણામાં ભણેલા છે તેમને ખુબ જ ઉચ્ચ કોટી પર લઈ જશે એવી મારી ધારણા છે. જેમ આપણા દેવ-દેવીને નૈવેદ્ય ફંડફાળો આપીએ છે તે રીતે સૌએ સરસ્વતી દેવીને વધુ ફંડફાળો ભંડોળ આપવો જોઈએ. એને માટે આ સરસ્વતીનું મંદિર હું આ જે બિલ્ડીંગ બનાવ્યું છે તે બિલ્ડીંગ સરસ્વતીનું મંદિર સમજુ છું અને આ મંદિરની ઉપાસના કરવી જોઈએ. આ બિલ્ડીંગમાં રહેતા બાળકોને માટે આપણે હમેશા મદદ કરતા જ રહેવું જોઈએ. જેમ નૈવેદ્ય ચઢાવીએ, એવી રીતે આ આપણું નૈવેદ્ય છે અને જેમાં પણ પૈસો ખરચવાનો વારો આવે ત્યારે સરસ્વતી દેવીના મંદિરની ઉપાસના કરતા પણ આ બાળકોને આપણે પહેલાં યાદ કરવા જોઈએ તથા પહેલા ભંડોળ આપવો જોઈએ અને હમેશા જરૂર કરતા સારી સ્થિતીમાં એ ભંડોળને રાખવા જોઈએ જેથી કરી નવી નવી ચીજો સ્થાનિકમાં નવું નવું શિક્ષણ એમાં જોડી શકીએ. એ બાળકોમાં આવે એમ આપણે કરી શકીએ. આપણા બાળકો કેમ આગળ વધે તે આપણે જોઈ શકીએ.

ખુશનશીબીની વાત બીજી પણ છે કે જે ત્રણે જણાએ ૧૦ કરોડ આપ્યા તે ત્રણમાં એક નામ તો એવું છે જે આપણા મનને બહુ ખુશ કરે છે. શેઠ શ્રી ભવાનજી અરજણ ખીમજી એજ્યુકેશનલ કેમ્પસરૂપે. શેઠનું નામ કેમ્પસ સાથે જોડાયું એ આપણા માટે ખુબ ખુબ ખુશનશીબીની વાત છે. એ એમનામાં એક દૃષ્ટિ હતી જે માટે એમણે મોટો ભોગ આપ્યો છે તે ખરેખર વંદનીય છે અને એમનું નામ આપણી સાથે જોડાયું છે એટલે મને પોતાને તો એથી શ્રધ્ધા બેસી ગઈ છે કે હવે આપણે ખુબ જ વેગથી આગળ વધશું. શિક્ષણને છેલ્લામાં છેલ્લા ઘરે વેગથી પહોંચાડશું અને સમાજનું ઉત્થાન કેમ જલ્દી થાય એના માટે આપણે બધું કરી છુટશું.

જય જિનેન્દ્ર!

# ભવોભવ

- ચંદ્રિકા લોડાયા



સુમિત્રા અને મહેન્દ્ર ધોળકિયા 'સમુદ્ર-સંગીત' પાસે પહોંચ્યા ત્યારે સૂર્ય પશ્ચિમ તરફ ઢળી રહ્યો હતો. સુમિત્રાએ મહેન્દ્રને કહ્યું, 'થોભો તો, મને આ જ લાગે છે.'

મહેન્દ્રે મોટર થોભાવી.

'આ જ હોય તો સારું. હું ડ્રાઈવિંગ કરીને કંટાળી ગયો છું. તું ક્યાંથી ને ક્યાંથી આવાં ઠેકાણાં ગોતી આવે છે?'

મહેન્દ્રના બડબડાટ પ્રત્યે ધ્યાન આપ્યા વિના સુમિત્રા નીચે ઊતરી. એની સમીપે ઊભેલો આ નાનકડો બંગલો બહુ રળિયામણો લાગતો હતો. બંગલાની આગળના ભાગમાં નાનું કમ્પાઉન્ડ હતું ને પાછળ થોડી ઝાડી હતી, ને એમાંથી ઘૂઘવતો દરિયો અલપ-ઝલપ દેખાતો હતો. સમુદ્રનું ઘેરું ગર્જન તન-મનને ઉલ્લાસથી તરબતર કરી દેતું હતું. કમ્પાન્ડના દરવાજા પર લાગેલી તકતી 'સમુદ્ર-સંગીત' બહુ યોગ્ય લાગતી હતી. સુમિત્રાના ચહેરા પરથી મહેન્દ્રને ખ્યાલ આવી ગયો કે છેવટે મંઝિલ આવી ગઈ છે. એ કાંઈ બોલે તે પહેલાં ચોકીદાર આવ્યો ને એણે ઝાંપો ઉઘાડ્યો. મહેન્દ્રે કમ્પાઉન્ડમાં મોટર પાર્ક કરી, ને બંને જણાં બંગલામાં પ્રવેશ્યાં.

સ્વીસ શાલેની યાદ અપાવે એવા આ બંગલાને એના માલિકે હૉટલમાં ફેરવી નાખ્યો હતો. એના પાંચ બેડરૂમમાંથી કોઈ પણ એક રૂમમાં રહેનારને હૉટલને બદલે સમુદ્રકિનારે બંગલામાં સમય વિતાવ્યાનો અહેસાસ થાય એ રીતે એની ગોઠવણી કરવામાં આવી હતી. સુમિત્રાની સહેલી અહીં એક રાત રોકાઈ ગઈ હતી. એની પાસેથી આ જગ્યાની પ્રશંસા સાંભળી સુમિત્રાએ પણ શહેરની ધમાલથી દૂર નીકળી જવા, એક દિવસ માટે રૂમ બુક કરાવ્યો હતો.

રૂમમાં પ્રવેશતાં સુમિત્રાની પ્રસન્નતાનો પાર ન રહ્યો. પશ્ચિમ તરફ પડતી મોટી બારીમાંથી હિલોળા લેતો દરિયો હતો. બારીને અડીને બાલ્કનીનો દરવાજો હતો. એ ખોલતાં પશ્ચિમનો પવન સાથમાં સાગરનું સંગીત લેતો અંદર ધસી આવ્યો. સુમિત્રાનો રાજીપો જોઈ, મહેન્દ્રની સફર દમ્યાનની તાણ અને થાક ઓછાં થઈ ગયાં. પલંગ પર આડા પડતાં એણે કહ્યું,

'જગ્યા સરસ છે.'

'તમે ચા-બા પીને ફ્રેશ થઈ જાઓ પછી દરિયાકિનારે ફરવા જશું તો મજા આવશે.'

બંગલાની બહાર આઉટ હાઉસમાં રસોડું બનાવ્યું હતું. નક્કી કરેલી, સીમિત વાનગીઓ મળતી હતી. ચા અને કાંદા પૌંઆનો ઑર્ડર આપી બંને બંગલાની પાછળના ભાગના વરંડા પર ટેબલ-ખુરશીઓ મૂક્યાં હતાં ત્યાં ગોઠવાયાં. ખૂણામાં એક યુવાન યુગલ, પોતાની વાતોમાં મશગૂલ બેઠું હતું. મહેન્દ્રે કહ્યું :

'આ લોકો હનીમુન માટે આવ્યાં હોય એમ લાગે છે.'

'જોડી સારી લાગે છે.'

'હા, આપણા જેવી.' મહેન્દ્રે કહ્યું.

સુમિત્રા હસી પડી. જાણે મોગરાની કળીઓ ખીલી.

'કેમ, પચ્ચીસ વર્ષ પહેલાં આપણે આવાં નહોતાં લાગતાં?' મહેન્દ્રે પૂછ્યું.

'તમને પુરુષોને આપવડાઈમાં કોઈ ન પહોંચે?'

*લખવું, ન લખવું, મુક્ત થવું,*
*કહેવું, ન કહેવું, સુપ્ત થવું.*

'મારી સાથે તને પણ વખાણું છું.' મહેન્દ્રે આજે વિરોધ નોંધાવ્યો.

મહેન્દ્ર અને સુમિત્રાનાં લગ્નની આજે પચ્ચીસમી વર્ષગાંઠ હતી. આટલાં વર્ષોમાં એમણે એક નિયમ અફર પાળ્યો હતો કે આ દિવસે મુંબઈની બહાર ક્યાંક નીકળી જવું, પછી ભલેને એ દોઢેક દિવસ માટે કેમ ન હોય. બાળકો થયાં પછી બધાં સાથે જતાં પણ છેલ્લાં બે-ત્રણ વર્ષથી બાળકો પોતાની વ્યસ્તતાને કારણે એમની સાથે જોડાઈ નહોતાં શકતાં. મશ્કરીમાં તેઓ કહેતાં, 'અમે કબાબમાં હડ્ડી બનવા નથી માંગતાં.'

નાસ્તો કરી બંને દરિયા કિનારે લટાર મારવા નીકળ્યાં. આખા તટ પર નજર પહોંચે ત્યાં સુધી કોઈ માણસ દેખાતું નહોતું. એકાદ કિલોમીટર દૂર પક્ષીઓનો મોટો સમૂહ ઘડીકમાં પાંખો પ્રસારી ઊડતો, તો ઘડીકમાં કાંઠાના છીછરા પાણીમાં ગેલ કરતો ત્યાંની સૃષ્ટિને અદ્ભુત રમ્યતા બક્ષી રહ્યો હતો.

'આ કયાં પક્ષીઓ છે?' સુમિત્રાએ પૂછ્યું.

'તું તો મને એ રીતે પૂછે છે જાણે હું સલીમ અલી હોઉં.'

'તમારા ગામ પાસે દરિયો હતો એટલે મને થયું તમને ખબર હશે. આ ટિટોડી હશે? તમે નાના હતા ત્યારે તમને ભણવામાં આ કવિતા હતી? દરિયાને તીર એક ટટળે ટિટોડી...'

'આવી કોઈ કવિતા હતી જ નહીં. હોય તો મને યાદ ન હોય? હું તો સાહિત્યનો જીવ હતો.' મહેન્દ્રે વધુ પડતો આત્મવિશ્વાસ દર્શાવ્યો, ને ઉમેર્યું, 'અમને હતી, ડુંગર કેરી ખીણમાં ગાણું નામે ગામ...'

'ખેતી કરતો ખંતથી પટેલ પાંચો નામ.' સુમિત્રાએ પૂરું કર્યું.

'હું પહેલી-બીજીમાં હોઈશ ત્યારની કવિતાઓ પણ મને યાદ છે.' કહેતાં મહેન્દ્રે ગાવાનું શરૂ કર્યું :

'કાળુડી કૂતરીને આવ્યાં ગલુડિયાં,
ચાર કાબરાં ને ચાર ધોળિયાં રે....'

સુમિત્રા પણ રાગ કાઢીને ગાવામાં સાથે જોડાઈ. નિર્જન વિસ્તીર્ણતા બંનેને હળવા ને મોકળા બનાવી રહી.

'સાતમી-આઠમીમાં હશું ત્યારે કલાપીની એક કવિતા હતી...' સુમિત્રાએ યાદ કર્યું.

'હા પસ્તાવો વિપુલ ઝરણું....' મહેન્દ્રે સૂચવ્યું.

'સાહિત્યની સાથે જેને લેવાદેવા ન હોય તેને પણ હા પસ્તાવો... ખબર હોય છે.' સુમિત્રાએ મહેન્દ્રને ચિડવતાં કહ્યું. 'આ તો શેરડીના ખેતર પર રાજા જાય છે એની વાત છે. હાં... પહેલી વાર શેરડીમાંથી ખૂબ રસ નીકળે છે ને પછી જરાયે નથી નીકળતો...'

'થઈ ધરા રસહીન કે નૃપ દયાહીન? એવું જ કંઈ ને?'

'અરે તમને તો ઘણું યાદ છે?' સુમિત્રાએ માનભર્યા સૂરે કહ્યું.

'પછી કાન્તની એક કવિતા હતી. અમારા સર વારંવાર અમને એક પંક્તિ કહેતા, 'આ ઐશ્વર્યે પ્રણય સુખની હોય આશા જ કેવી?'

'એ તો ચક્રવાક મિથુન.' સુમિત્રા ટહૂકી.

શાળા-જીવનમાં સરી પડેલાં બંને કિનારાની જોડે ચાલતાં રહ્યાં તે છેક પાસેનું બીજું ગામ આવ્યું ત્યારે જાગ્યાં. સૂરજ ડૂબી ગયો હતો ને પશ્ચિમાકાશની લાલિમા વિખરાવા લાગી હતી.

'હૉટેલ પર પહોંચતાં પહેલાં જ અંધારું થઈ જશે.'

સુમિત્રાએ વાસ્તવિકતા યાદ કરાવી, ને બંને પાછાં વળ્યાં. પણ અધરસ્તે જ અંધારાએ ચારે બાજુ કબ્જો લઈ લીધો.

'બધું કેવું સૂમસામ છે? મને તો ડર લાગે છે.'

મહેન્દ્રને ખબર હતી. સુમિત્રાને અંધારામાં ચાલવું ફાવતું નહીં. એણે કહ્યું, 'મારો હાથ પકડી લે.'

હાથમાં હાથ પકડી બંને 'સમુદ્ર-સંગીત'ના પાછલા દરવાજેથી પ્રવેશ્યા ત્યારે સાંજે જોયેલું યુગલ

*અંતરમાં ઊંડે જઈ વસવું,*
*દુનિયાની નજરે ગુપ્ત થવું.*

હીંચકા પર હીંચકી રહ્યું હતું. એમાંની યુવતી સુમિત્રા અને મહેન્દ્ર સામે અનાયાસે જ હસી પડી.

ક્ષોભથી સુમિત્રાએ મહેન્દ્રના હાથમાંથી પોતાનો હાથ સેરવી લીધો ને યુવતીને સ્મિતથી જવાબ વાળ્યો.

'મુંબઈથી આવો છો ?' મહેન્દ્રે પૂછ્યું.

'ના, નાશિકથી.' યુવાને જવાબ આપ્યો.

ચારે અજનબીઓના અજાણપણાના સીમાડા વધુ પરિચય વિધિની સાથે ઓગળવા લાગ્યા. વિલિ ફર્નાન્ડીસ અને ડૉના બંને ડૉક્ટર હતાં. હજુ ગઈકાલે જ એમનાં લગ્ન થયાં હતાં. બંનેને ભીડ વગરની જગ્યાએ અઠવાડિયું વિતાવવું હતું. તેથી લગ્નને બીજે દિવસે અહીં સરી આવ્યાં હતાં.

વાતોમાં ને વાતોમાં જમવાનો સમય થઈ ગયો એટલે ચારે સાથે જમવા ગયાં. જમતાં જમતાં મહેન્દ્રે ટીખળ કરી,

'અમે પણ હનીમુન માટે આવ્યાં છીએ.'

'આજે અમારી પચ્ચીસમી લગ્નતિથિ છે.' સુમિત્રાએ ફોડ પાડ્યો.

'કૉન્ગ્રેચ્યુલેશન્સ્ ! (અભિનંદન) પચ્ચીસ વર્ષે પણ તમે ઉજવણીના મૂડમાં છો એ અમારા માટે પ્રેરણારૂપ છે.' વિલિએ કહ્યું.

'અમે તમને દરિયાકિનારે હસતાં ને ગીતો ગાતાં સાંભળ્યાં હતાં. ત્યારે જ અમને થયું હતું તમે એકબીજાનો સંગાથ કેટલો માણી રહ્યા છો ?' ડૉના બોલી.

'તમે બંને ત્યાં હતાં ?' સુમિત્રા જરા લજવાઈ ગઈ.

'સૂરજ ઢળતો હતો ત્યારે અમે વચ્ચેના રસ્તેથી ત્યાં આવ્યાં હતાં પણ તમારું ધ્યાન નહોતું.'

જમ્યા પછી અલકમલકની વાતો કરતાં સૌ ખાસ્સી વાર બેસી રહ્યાં.

'અહીં જોવા જેવું બીજું શું છે ?' મહેન્દ્રે પૂછ્યું.

'આ બાજુ હર્ને બીચ છે.' હાથથી નિર્દેશ કરતાં વિલિએ કહ્યું.

'પણ ત્યાં જવા પોતાનું વાહન હોવું જરૂરી છે. આપણી હૉટલ ગામથી બહુ દૂર છે એટલે વાહનની સગવડ નથી.'

ડૉના અને વિલિએ દાક્તરીની નવી નવી પ્રેક્ટિસ શરૂ કરી હતી. મોટર જેવી ભૌતિક સુખ-સગવડો મેળવવાને હજુ વાર લાગે એમ હતું.

'તમને તો આજુબાજુ જવાની જરૂર પણ નહીં લાગતી હોય.' સુમિત્રાએ મશ્કરી કરી.

'અમે આવતીકાલે સવારે કારમાં હર્ને બીચ સુધી જશું. તમારે આવવું હોય તો અમારી સાથે જોડાઈ શકો છો.' મહેન્દ્રે આમંત્રણ આપ્યું.

'આ લોકોને આપણી સાથે શું મજા આવશે ? એમને તો એકલા ફરવું હશે.' સુમિત્રાએ કહ્યું.

'અમારે એકબીજા સાથે એકલા રહેવું છે એ ખરી વાત પણ મને લાગે છે થોડા કલાકો તમારી સાથે ગાળવામાં અમને વાંધો નહીં આવે. અમે બંને એવાં વાતોડિયાં છીએ કે ઉલટાનું તમને મજા આવશે. કેમ, ડૉના ?' વિલિએ કહ્યું.

'અમે તો અહીં એક અઠવાડિયું રહેવાના છીએ એટલે સાથે ગાળવા માટે ઘણો સમય છે. સવારના તમારી સાથે આગળનો દરિયાકિનારે જોઈ લેવાશે.' ડૉનાએ સંમતિ પૂરાવી.

બીજે દિવસે સવારના દસેક વાગે ચારે જણા સાથે નીકળી પડ્યાં. બંને યુગલ વચ્ચે એક આખી પેઢીનો ફરક હતો છતાં એકબીજાનો સંગાથ માણવામાં એ નડતરરૂપ નહોતો બનતો. ડૉના અને વિલિની આંખોમાં જીવનના અજાણ્યા પડકારોને ઝીલી લેવાનો ખુમાર હતો. એમના સહવાસમાં પહેલા વરસાદ પછી ફોરતી ધરા જેવી તાજગી હતી. મહેન્દ્ર અને સુમિત્રા જિંદગીની રાહ પર જૂના જોગી હતાં. એમની પાસે અનુભવની સમૃદ્ધિ હતી. બંને અઠંગ પ્રવાસી હતાં. એમના પ્રવાસોની

*ના ઈચ્છા, આગ્રહ, જિદ્દ કશું,*
*ના ચાહત, વળગણ, ઈષ્ટ કશું.*

સ્મરણયાત્રામાં હિસ્સેદાર બનવું એ ડૉના અને વિલિ માટે એક લ્હાવો બની ગયો. વાતોના વહેણ સાથે અજાણપણે જ જૂની પેઢી નવી પેઢીની પથદર્શક બની ગઈ.

નાળિયેરનું પાણી પીધા પછી, જ્યારે વિલિ અને મહેન્દ્ર પૈસા ચૂકવવાની રકઝક કરતા હતા ત્યારે ડૉનાએ સુમિત્રાને પૂછ્યું,

'તમારા સુખી લગ્નજીવનનું રહસ્ય નહીં કહો ?'

સુમિત્રા હસી પડી. 'રહસ્ય જેવું કંઈ નથી. બંનેને એકબીજાની આદત પડી ગઈ છે એટલે એકબીજા વિના ચાલતું નથી.'

'તમને પચ્ચીસ વર્ષ પછી આવું લાગે છે પણ શરૂઆતમાં તો લગ્નને સફળ બનાવવા મહેનત કરવી પડી હશે ને ?' ડૉનાએ આગ્રહ કર્યો.

જરા વિચારીને સુમિત્રાએ કહ્યું,

'મને લાગે છે દરેક પુરૂષમાં એક બાળક છુપાયેલો હોય છે. એની સાથે સમજાવટથી, ક્યારેક ધમકાવીને તો ક્યારેક લાડથી કામ લેવું જોઈએ.'

'મને તમે શું કહો છો ?' વિલિએ મહેન્દ્રને પૂછ્યું.

'પત્ની ખર્ચી શકે તે કરતાં વધુ પૈસા એના હાથમાં મૂકી દો એટલે તમારાં લગ્નની નાવ સડસડાટ પાર ઉતરી જશે.' મહેન્દ્રે એની લાક્ષણિક ઢબે કહ્યું ને બધાં ખડખડાટ હસી પડ્યાં.

ચારેક કલાક ફર્યા પછી સૌને ભૂખ લાગી હતી. નજીકના ગામમાં રેસ્ટોરન્ટ ગોતી સૌ જમવા ગોઠવાયાં.

'તમારી સાથે બહુ મજા આવી. જ્યારે જ્યારે અમારા હનીમુનની વાત નીકળશે ત્યારે તમે જરૂર યાદ આવશો.' વિલિએ કહ્યું.

'તમને આમ હસતાં-રમતાં જોઈને અમને જીવનના પહેલે પગથિયે જ એવું પ્રોત્સાહન મળ્યું છે કે અમે બીજાં પગથિયાં તમારી જેમ જ સડસડાટ ચડી જશું.' ડૉનાએ સૂર પૂરાવ્યો.

'તમારી પચ્ચીસમી લગ્નતિથિ આવે ત્યારે અમને યાદ કરજો.' સુમિત્રાએ મમરો મૂક્યો.

'ત્યારે તમારી પચાસમી લગ્નતિથિ હશે. આપણાં લગ્નની તારીખ વચ્ચે એક જ દિવસનો ફેર છે. અમારી ચૌદમી માર્ચ ને તમારી પંદરમી.'

'મને એક આઈડિયા (વિચાર) આવે છે.' ડૉનાએ ઉત્સાહથી કહ્યું.

'અમારી પચ્ચીસમી વર્ષગાંઠે અમે અહીં આવીશું ને તમે તમારી પચાસમી વર્ષગાંઠ અહીં જ ઉજવજો.'

'અમે બંને પચ્ચીસ વર્ષ પછી હશું કે નહીં, કોને ખબર છે.'

'અત્યારથી શા માટે એવું વિચારો છો ?'

'અચ્છા, આપણે બધાં પચ્ચીસ વર્ષ પછી પંદરમી માર્ચના ભેગાં મળવાની કોશિશ કરશું. અમે ચૌદમી માર્ચના અહીં આવી જશું ને તમારી રાહ જોશું. તમે પણ ઉજવણી માટે ક્યાંક જશો, અમે પણ ક્યાંક જશું, તો શા માટે અહીં જ નહીં ? અમે અમારા આજના જુસ્સાને ટકાવી શકીએ છીએ કે નહીં તે તમે નક્કી કરજો, ને તે દિવસે કદાચ તમારી પાસેથી અમને આજ કરતાં ય વધુ મળશે, કેમ કે તમારો અનુભવ બમણો થઈ ગયો હશે.' વિલિએ કહ્યું.

સુમિત્રા અને મહેન્દ્ર સંમત થયા. એમને આ સ્થળે પાછા આવવાનો કશો વાંધો નહોતો પણ એમને આ વાયદો પાળવા તે પૃથ્વી પર હશે કે નહીં સવાલાખનો પ્રશ્ન લાગતો હતો. છતાં જમવાનું બિલ ચૂકવવાની રકઝક થઈ ત્યારે બિલ ચૂકવતાં મહેન્દ્રે કહ્યું, 'તમારી પચ્ચીસમી લગ્નતિથિના તમે અમને જમાડજો.'

ત્યારબાદ કોઈ વટેમાર્ગુ પાસેથી બંને કેમેરામાં ચારેના ફોટા લેવડાવ્યા, ને સરનામા તથા ફોન નંબરની આપ-લે કરી બધાં છૂટાં પડ્યાં. આવા કિસ્સાઓમાં લગભગ બનતું હોય છે તેમ, શરૂઆતના એક-બે વર્ષ સુધી સૌનો સંપર્ક રહ્યો પછી એ દોર તદ્દન તૂટી ગયો; ને વર્ષોના પડ ચડતા ગયા

*હો ગીત, મૌન કે શબ્દ બધું,*
*સરખું - ન અવઢવ, ક્લિષ્ટ કશું.*

તેમ વાત પણ ભૂલાતી ગઈ.

સાંજના સાડા ચાર વાગવા આવ્યા હતા. 'સમુદ્ર-સંગીત' ના નાનકડા બાગમાં ડૉના ને વિલિ મુખ્ય દરવાજો દેખાય તે રીતે બેઠાં હતાં. પચ્ચીસ વર્ષોમાં ડૉનાએ દસેક કિલો વજન વધાર્યું હતું પરંતુ હજુ સોહામણી લાગતી હતી. જ્યારે વિલિ જરા સ્થૂળ દેખાતો હતો.

'તને શું લાગે છે ? એ લોકો આવશે ?' ડૉનાએ પૂછ્યું.

'મને લાગે છે, આવશે. સારું થયું મને સમયસર યાદ આવી ગયું ને મેં એમને પત્ર લખી નાખ્યો. ક્યાંક સરનામું ન બદલાઈ ગયું હોય !'

'એ લોકો કદાજ ન આવે તો પણ આપણે અહીં આવ્યા એનો મને આનંદ છે. પચ્ચીસ વર્ષ પહેલાંના સંભારણાં વાગોળવાં ગમે છે.'

'મને તો બીક હતી કે આ હૉટલ હશે કે નહીં. પણ હૉટલ ચાલુ છે, ને થોડા ફેરફાર જવા દઈએ તો લગભગ એવી જ લાગે છે.'

'વિલિ, પચ્ચીસ વર્ષ જાણે પલકમાં વિતી ગયાં ને ?'

'હા, ડૉના. ને જીવન કેવું અદ્‌ભુત છે નહીં ? આ હીંચકા પર બેસીને આપણે કાલીઘેલી વાતો કરી હતી, ભવિષ્યના સપનાં જોયાં હતાં. ત્યારે જે બધું કલ્પનામાં હતું તે આજે વાસ્તવિકતા છે.'

'સહિયારા જીવનનાં ખાટાં-મીઠાં ફળો ચાખતાં આપણે એવા વિરામસ્થાન પર આવ્યાં છીએ જ્યાં બેસી જરા પાછળ નજર કરી લઈએ ને બાકી રહેલા ભવિષ્યની ઈમારત ચણી લઈએ.'

'ધોળકિયા દંપતીને પહેલાં બે-ત્રણ વર્ષ બાદ કરતાં પછી તો આપણે ભૂલી જ ગયાં હતાં.'

'પણ એમણે પોતાના જીવનમાં પાડેલા ચીલાને આપણે અપનાવી લીધો. પચ્ચીસ વર્ષોમાં આપણે એકેય વર્ષ આપણી લગ્નતિથિને દિવસે બહારગામ જવાનું નથી ચૂક્યાં.'

'અજાણાતાં આપણી જિંદગીમાં અમૃતસિંચન કરવા માટે ધોળકિયા દંપતીનો આભાર માનવો જોઈએ.'

'હવે તો સાડા ચાર થયા. મને નથી લાગતું એ લોકો આવશે. વિલિએ ઘડિયાળ જોતાં કહ્યું ને ઉમેર્યું, 'બંને હશે તો હેમખેમ ને ?'

ડૉનાના મનમાં પણ આ જ પ્રશ્ન ઘુમરાતો હતો.

ત્યાં જ મુખ્ય દ્વાર પાસે આવી ને એક રિક્ષા ઊભી રહી. એમાંથી એક વયસ્ક યુગલ ઉતર્યું. બંને વૃદ્ધ હતાં છતાં કડે-ધડે હતાં. વિલિ અને ડૉનાએ બંનેને તરત ઓળખી લીધાં. આ તો ધોળકિયા દંપતી ! ડૉના અને વિલિ એમને વધાવવા સામે ગયાં. બહુ જ પાંખા રૂપેરી વાળમાંથી ચુમોત્તેર વર્ષની વયના મહેન્દ્રની ટાળ ચમકતી હતી, ને સુમિત્રાનો ચોટલો કાબરચીતરો થઈ ગયો હતો. પરંતુ એનો ઠસ્સો પચ્ચીસ વર્ષ પહેલાં હતો એવો જ લાગતો હતો.

'હલો ! મારો પત્ર મળ્યો હતો ?' વિલિએ હાથ લંબાવતાં પૂછ્યું.

'એટલે જ તો આવવું પડ્યું.' સુમિત્રાએ સ્મિત કરતાં જવાબ વાળ્યો ને ડૉનાને ઉદ્દેશીને કહ્યું,

'પચ્ચીસ વર્ષ પછી પણ તમે એવાં જ લાગો છો !'

ત્યાં સુધીમાં મહેન્દ્રે રિક્ષાવાળાને પૈસા ચૂકવી લીધા અને સૌની સાથે જોડાયો. ડૉના અને વિલિ સામે જોતાં એણે પૂછ્યું,

'કેમ, પચ્ચીસ વર્ષ સાથે ગુજાર્યા પછી કેવું લાગે છે ?'

'ફેન્ટેસ્ટીક ! (અદ્‌ભુત !) પાછળ વળીને જોઈએ છીએ તો લાગે છે કે જિંદગી બહુ સારી ગઈ છે.' વિલિએ કહ્યું.

'મેં વિલિની થોડી દાદાગીરી સહન કરી છે.' ડૉનાએ હસતાં કહ્યું.

*જીવનની ખળખળ ધારામાં,*
*વહેવું, તરવું ને તૃપ્ત થવું.*

'ને મેં ડૉનાની કચકચ.' વિલિએ કહ્યું.

'જમવામાં જેમ ફક્ત મિષ્ઠાન્ન નથી ચાલતું તેમ જિંદગીમાં પણ બધા રસ જોઈએ ને?' મહેન્દ્રે કહ્યું.

સામાન રૂમમાં મૂકાવી હસતાં, વાતો કરતાં સૌ ચા-પાણી માટે ટેબલ ફરતાં ગોઠવાયાં.

'હવે તમે બેમાંથી કેટલાં થયાં છો?' મહેન્દ્રે મશ્કરીના સૂરમાં પૂછ્યું.

'ત્રણ, એક જ દીકરો છે. ઓગણીસ વર્ષનો છે ને એન્જિનિયરિંગનું ભણે છે.'

'તમારે તો પૌત્ર-પૌત્રીઓ હશે ને?'

'ત્રણ છે. દીકરીને એક દીકરો છે અને દીકરાને ત્યાં દીકરો-દીકરી છે.'

'તમારું પચ્ચીસ વર્ષનું સરવૈયું શું કહે છે?' સુમિત્રાએ પૂછ્યું. જવાબ વિલિએ આપ્યો. 'જો સરવૈયું કાઢવા બેસીએ તો, અમે બંનેએ અમારી પ્રેક્ટિસ જમાવી, સારું ઘર લીધું, કાર લીધી. પછી અમારો દીકરો બૉની આવ્યો. એણે અમારા જીવનને હરિયાળું બનાવી દીધું. એના જન્મથી માંડી આજ સુધી અમારી દુનિયા એની આજુબાજુ જ ફરે છે.'

પોતાના પચ્ચીસ વર્ષોનો અહેવાલ આપવાની જવાબદારી સુમિત્રાએ ઉપાડી.

'પહેલી પચ્ચીસીએ સૂર્ય મધ્યાહ્ન પર પહોંચે છે. આ કરી લઈએ, તે કરી લઈએ એવી ગરમી હોય છે. પણ બીજી પચ્ચીસમીમાં સૂરજ ધીરે ધીરે ઢળવા લાગે છે. ત્યારે જિંદગીમાં સાંજની ઠંડક ફેલાય છે. દીકરીનાં લગ્ન થયાં ને અમે નાના-નાની બન્યાં એનો હરખ માણ્યો. દીકરો બિઝનેસમાં હાથ દેવડાવવા લાગ્યો ને એનાં પણ લગ્ન કર્યાં. બે વર્ષ પછી દીકરો અલગ રહ્યો ને અમે બંને એકલાં પડ્યાં. શરૂઆતમાં જરા આકરું લાગ્યું પણ પછી સમજાયું. આ ફરી એકમેકની નિકટ આવવાની તક છે. વર્ષોનાં વર્ષો કુટુંબ ને બાળકોમાં રચ્યાં પચ્યાં રહ્યાં. હવે જ્યાંથી શરૂ કર્યું હતું ત્યાં ફરી પહોંચ્યાં. એમાં યે છેલ્લાં બે વર્ષોમાં મહેન્દ્રે બિઝનેસની જવાબદારીઓ ઘણી ઓછી કરી નાખી છે. મન થાય ત્યારે નાટક કે સિનેમામાં બેસી જઈએ, રસોઈ કરવાનો કંટાળો આવે તો હૉટલમાંજઈએ, ને અવારનવાર પ્રવાસે ઉપડી જઈએ. આમ એકબીજાના સંગાથમાં જિંદગીને ભરપૂર માણી રહ્યા છીએ.

'જિંદગી જે રીતે આપણી સામે આવે એને સ્વીકારીએ તો જ સુખ છે.'

'આજકાલ જુવાનિયાઓને મોટેરાં સાથે રહેવું નથી.' ડૉના બોલી.

મહેન્દ્રે કહ્યું, 'માત્ર એમનો જ વાંક નથી. વડીલો પણ હવે પોતાની રીતે જીવવા માગે છે. પહેલાંના જેવી એકબીજાને નિભાવી લેવાની ભાવના નથી. આપણી સાથે રહેવાની સંસ્કૃતિ છે પણ લગભગ રહેવું એટલું ખરાબ નથી. અમારા દીકરાનાં લગ્ન થયાં ત્યારે વહુ પણ કામ કરતી હતી. સુમિત્રાને તો રોજ મારું ને અમારા દીકરાનું, એમ બે ટિફિન ભરતી એને બદલે ત્રણ ટિફિન ભરવાનો વારો આવ્યો. વહુ ખરાબ નથી પણ જુવાનોને સંસાર માણવાની હોંશ હોય છે ને ઘરનું કામકાજ એમને ક્ષુલ્લક લાગે છે. જૂની પેઢીને થાય આટલો સમય ઢસરડા કર્યા. હવે નહીં થાય. યુવાનોને બંધનો ગમતાં નથી ને શિસ્ત વિના ઘરમાં સંવાદિતા રહેતી નથી. નવી પેઢી અને જૂની પેઢીને એકબીજા માટે અભાવ નથી પણ બંનેની જીવન જીવવાની શૈલી નોખી છે.'

મહેન્દ્ર જરા શ્વાસ લેવા અટક્યો ને પછી આગળ ચલાવ્યું, 'અમે એનો ઉપાય કર્યો. દીકરા માટે અમારી સોસાયટીમાં જ ઘર લીધું. જરૂર પડ્યે એકમેકની પડખે ઊભાં રહીએ છીએ. ઉત્સવો સાથે ઉજવીએ છીએ. બાળકોને દાદા-દાદીની હૂંફ મળી રહે છે. છતાં રોજિંદું જીવન પોતપોતાની રીતે જીવીએ છીએ. વહુ એઠાં વાસણોનો ઢગલો રાખી મૂકે કે ફ્રિજ સાફ ન રાખે તો સુમિત્રાને કચવાટ નથી કરવો પડતો, ને વહુને સુમિત્રાએ નિયત કરેલી પદ્ધતિ પર ઘર ચલાવવું નથી પડતું એટલે બંને સુખી છે.'

'અમારે પણ ભવિષ્યમાં આ બધામાંથી પસાર

*મુઠ્ઠીને ઢીલી કરી દઈ,*
*એમાંથી સરસર સરી જઈ.*

થવાનું છે જ. તમારો અનુભવ અમને બહુ કામ લાગશે.' ડૉનાએ કહ્યું.

રાત્રે જમતી વખતે વિલિએ કહ્યું, 'પચ્ચીસ વર્ષ પહેલાં તમે ચીંધેલી દિશાએ ચાલતાં અમે તૃપ્તિનો જે ખજાનો મેળવ્યો છે એનું શ્રેય તમને જાય છે. હજુ બીજાં પચ્ચીસ વર્ષ ચાલે એટલું ભાથું આજે તમારી પાસેથી લેવું છે.' મહેન્દ્ર હસ્યો ને બોલ્યો, 'તો તમને એક ખાસ વાત કહું. તમે પચ્ચીસ વર્ષ સાથે જીવ્યાં પણ એ સમય દરમ્યાન બાળકોને મોટાં કરવાનાં હોય છે, ઘર વસાવવાનું હોય છે, ઘણી બધી જવાબદારીઓ માથા પર હોય છે. હવે પાંચ-દસ વર્ષમાં બધી જવાબદારીઓ પૂરી થઈ જશે. એકમેકની લાગણીઓને પંપાળવાનો પછી ખરો સમય છે. તમારી પાસે મનનો જે વૈભવ છે તે બધો તમારા સાથીદારને ચરણે ધરી દો. વિખૂટા પડવાનો વખત આવે ત્યારે જિંદગી સુંદર રીતે સાથે જીવ્યાની ધન્યતા પ્રગટવી જોઈએ. ને આ ભાવનામાંથી જ પ્રગટતી હશે એકબીજાનો સાથ ભવોભવ માગવાની પ્રાર્થના.'

વિલિ અને ડૉના જાણે વશીભૂત થયાં હોય તેમ મહેન્દ્રને સાંભળતા રહ્યાં. સુમિત્રાએ પોતાના તરફથી ઉમર્યું:

'જિંદગીના આ તબક્કે સુંદર જિંદગી જીવ્યાની તૃપ્તિ છે તો સાથે એક ડર પણ છે. કાળની કોઈ એક ઘડી અમને એકબીજાથી છીનવી લેશે. પહેલું કોણ જશે ? આ પ્રશ્ન વગર બોલ્યે અમને સતાવે છે. એકને અમથી ખાંસી થાય તો ય બીજાને ચિંતા થાય છે.'

સુમિત્રાની નિખાલસ કબૂલાત ડૉને સ્પર્શી ગઈ. ડૉના વિચારવા લાગી. બંનેએ પચાસ વર્ષ સુધી કેટલું એક સાથે કર્યું હશે ? પ્રેમ કર્યો હશે, લડ્યાં હશે, બાળકો ઉછેર્યાં હશે, સહેલગાહો કરી હશે, એકમેકનાં સુખ-દુઃખ વહેંચ્યા હશે.... યાદી બનાવી હોય તો પાનાંનાં પાનાં ભરાય.

વાતાવરણમાં સરકી આવેલી ગંભીરતાને ખંખેરતાં મહેન્દ્રે કહ્યું :

'આ સમસ્યાનો તો કોઈ ઉપાય નથી પણ એને હળવી કરવા અમે શું કરીએ તે તમને કહું. સવારના ચા પીવા સાથે બેસીએ ત્યારે હું સુમિને કહું, 'જો આજે તો સાથે ચા પીએ છીએ. કાલે કદાચ તું અહીં ચા પીતી હોય ને હું વૈકુંઠમાં પીતો હોઉં.'

બધાં હસી પડ્યાં. અલકમલકની વાતોના અંતે મહેન્દ્ર અને સુમિત્રા પોતાના રૂમમાં સૂવા ગયાં પણ ડૉના અને વિલિ મોડે સુધી ચૂપચાપ એકબીજાની નજદીક બેસી રહ્યાં. વિલિના હાથમાં ડૉનાનો હાથ હતો ને એ મૃદુતાથી એને બીજા હાથ વડે પસવારતો રહ્યો. એના સ્પર્શમાંથી વરસતો પ્રેમ ડૉનાના રૂંવે રૂંવે અમૃત સીંચી રહ્યો. સાગરના સંગીતની ધૂન પર મલપતો શુક્લ પક્ષનો ચંદ્ર બંને પર શીતળ ચાંદનીનો અભિષેક કરતો હતો.

ડૉના અને વિલિ એકબીજાની પડખે સૂતાં હતાં. વહેલી સવારે બંને સફાળાં જાગી ગયાં. કોઈ એમનું બારણું જોરથી ખખડાવી રહ્યું હતું. બારણું ખોલીને જોયું તો હૉટલનો મેનેજર હતો.

'ગઈકાલે તમારી સાથે જમવામાં હતાં એ આન્ટી બીમાર છે એટલે તમને બોલાવે છે.'

બંને ઝડપથી મહેન્દ્ર-સુમિત્રાના ઓરડામાં ગયાં. સુમિત્રા પલંગ પર હાંફતી બેઠી હતી ને મહેન્દ્ર એની પીઠ પર હાથ ફેરવતા હતા. 'સૉરી તમને ડીસ્ટર્બ કર્યાં પણ સુમિને બહુ ગભરામણ થાય છે. એકાદ કલાકથી એને ગૅસ જેવું લાગતું હતું પણ હવે મૂંઝારો વધે છે. 'આટલી વાર રાહ કેમ જોઈ ? તરત જ અમને ઉઠાડવા જોઈએ ને ?' કહેતાં વિલિએ નાડીના ધબકારા ગણવા સુમિત્રાનું કાંડું પકડ્યું. નાડી મંદ ચાલી રહી હતી. વિલિની અનુભવી નજરે તરત પારખી લીધું કે આ હૃદયરોગનો તીવ્ર હુમલો હતો.

'આપણે એમને હૉસ્પિટલમાં લઈ જવા પડશે.'

'હૉસ્પિટલમાં ....?' મહેન્દ્રનો સ્વર મનમાં છુપાયેલા ભયને સાથે લઈને બહાર નીકળ્યો.

*રેખાઓ ખુલ્લી હથેળીની,*
*આકાશની સામે ધરી દઈ.*

'તમે ગભરાતા નહીં. અમે બધી વ્યવસ્થા કરીએ છીએ.' ડૉનાએ ધરપત આપી.

'પ્લીઝ, સુમિત્રાને સારામાં સારી સારવાર મળે એ જોજો.' મહેન્દ્રે વિલિનો હાથ પકડતાં આંખમાં ઝળઝળિયાં સાથે કહ્યું. વિલિએ એમનો હાથ પંપાળતાં કહ્યું,

'ચિંતા ન કરો, અમે છીએ ને ?'

હૉસ્પિટલમાં વિલિ અને ડૉનાના હાથમાં પોતાની જીવનસંગિનીની જીવનદોર સોંપીને મહેન્દ્ર અસહાયપણે બેઠા હતા. એ ઝાઝું બોલતા નહોતા પણ એમના મનની ઉથલપાથલનો ડૉના-વિલિને અંદાજ હતો. સુમિત્રા મહેન્દ્રની જીવન-નાવનો સઢ હતી. એના વિના એમની નાવની ગતિ રુંધાઈ જવાની. કુદરતના ક્રમની આ તે કેવી ક્રૂરતા ? ઢળતી ઉંમરે બેમાંથી એકે એકલા જીવવાનું. જિંદગીનો આ સૌથી કપરો કાળ હોતો હશે.

ડૉનાએ મહેન્દ્ર પાસેથી નંબર લઈને એમના પુત્રને ફોન કરી દીધો હતો પરંતુ પુત્રને મળવા સુમિત્રા થોભી નહીં. મહેન્દ્ર સામે છેલ્લી નજર નાખી એણે કાયમ માટે આંખો મીંચી લીધી. મહેન્દ્ર નાના બાળકની જેમ ધ્રુસકે ધ્રુસકે રડ્યા.

'મને અગવડ ન પડે એ માટે સુમિ મને એક રાત માટે છોડીને પણ ક્યાંય નહોતી જતી. હવે મારું શું થશે એ વિચાર એને ન આવ્યો ?'

મહેન્દ્ર અને સુમિત્રાનું આમ છૂટા પડવું ડૉના અને વિલિથી પણ સહન થતું નહોતું. બંનેને પોતે ગુનેગાર હોવાની લાગણી થતી હતી. આ લોકોને અહીં ન બોલાવ્યાં હોત તો ?

થોડા કલાક પછી મહેન્દ્ર-સુમિત્રાનાં દીકરો-દીકરી વગેરે કારમાં આવી ગયાં. એમણે શબને મુંબઈ લઈ જવાની વ્યવસ્થા કરી અને અન્ય વિધિઓ પતાવી. છેક છેલ્લે સુધી ડૉના અને વિલિ મહેન્દ્રની પડખે રહ્યાં. છેવટે મહેન્દ્રને દોરવીને દીકરીએ ગાડીમાં બેસાડ્યા ત્યારે ડૉનાથી ધ્રુસકું મૂકાઈ ગયું. હજુ ગઈકાલે જ સુમિત્રા અને મહેન્દ્ર સાથે ઉતર્યા ને આજે એ એકલા પાછા જઈ રહ્યા હતા ?

સુમિત્રા સાથે ગાળેલો છેલ્લો સમય વાગોળતા હોય તેમ મહેન્દ્રે એક વાર નજર હૉટલ અને પરિસર પર ફેરવી. પછી જાણે સ્વગત બોલતા હોય તેમ કહ્યું, 'આ ભવનો અમારો સથવારો પૂરો થયો.'

મહેન્દ્રના ગયા પછી વિલિ અને ડૉના સાવ સૂનમૂન થઈ ગયાં હતાં. હારેલા યોદ્ધાની જેમ તેમણે ઘર ભણી પ્રયાણ કર્યું. રસ્તામાં વિલિએ કહ્યું, 'પ્લીઝ ડૉના તું મને મૂકીને ન જતી.'

ડૉનાની આંખો છલકાઈ પડી.

બે મહિના પછી એક બપોરે ડૉના અને વિલિ ઘરમાં આવ્યાં ત્યારે એમની રાહ જોતો એક પત્ર અન્ય ટપાલની સાથે પડ્યો હતો. એ પત્ર પહેલાં વિલિના હાથમાં આવ્યો. એણે વાંચ્યો ને ચૂપચાપ ડૉનાના હાથમાં મૂક્યો. પત્ર મહેન્દ્રના પુત્રનો હતો. એમાં લખ્યું હતું :

તમે મમ્મીના મૃત્યુ વખતે જે રીતે અમને ને પપ્પાને મદદ કરી તે માટે અમે સૌ તમારા ખૂબ જ આભારી છીએ. પત્ર લખવામાં થયેલા વિલંબને દરગુજર કરશો. મમ્મીના ગયા પછી પપ્પાની તબિયત સારી નહોતી રહેતી. છેવટે ગયે અઠવાડિયે અમને સૌને છોડીને એ મમ્મીની પાસે ચાલી નીકળ્યા. પ્રભુ એમના આત્માને શાંતિ આપે.

ડૉનાની આંખમાંથી ટપ ટપ કરતાં આંસુ સરી પડ્યાં. એની આંખો સામે ગરીબ ગાય જેવા થઈને ગાડીમાં બેસતા મહેન્દ્ર તાદશ થયા.

'એમનાથી જીવનસંગિનીનો વિરહ સહન ન થયો. જો પુનર્જન્મ હોય તો મને ખાતરી છે આવતા ભવે બંને પાછા મળશે.'

વિલિએ સંમતિસૂચક ડોકું હલાવ્યું. પોતાનું કોઈ અંગત સગું ગુમાવ્યાની વેદના બંનેને થઈ.

* * *

*જ્યાં કંઈ નથી ત્યાં સ્થિર થવું,*
*સઘળા દશ્યોથી લુપ્ત થવું.*
*– સોનલ પરીખ*

**જ્ઞાતિના સ્પર્શતા સમાચારો ટૂંકમાં પાનાની એક બાજુએ સારા અક્ષરે કાર્યક્રમ પૂર્ણ થાય કે તરત લખી મોકલવા વિનંતી.**

પ્રકાશ સમીક્ષા સમાચાર સંકલન
સંસ્થા સમાચાર | જ્ઞાતિ સમાચાર | વતન સમાચાર

### ગાંધીધામ ''સાર્થક સ્પોર્ટસ ડે''

ગાંધીધામ નગરે શ્રી કે.ડી.ઓ. યુવક મંડળ ''સાર્થક'' દ્વારા તા. ૦૫ ફેબ્રુઆરી ૨૦૧૭ ના રોજ 'સ્પોર્ટસ ડે'નું આયોજન કરવામાં આવેલ. જેમાં નાના મોટા બધા માટે વિવિધ પ્રકારની રમતો રાખવામાં આવી હતી.

ક્રિકેટમાં કુલ ૫૨ ખેલાડીઓએ ભાગ લીધો હતો. જેમાં ૪ ટીમ વચ્ચે મેચ રમાઈ હતી અને ફાઈનલ મેચ ટીમ ''સાર્થક વીરાટીયન્સ'' જીતી અને વિજેતા ટ્રોફીની હકદાર બની હતી.

બાળકો તથા મહિલાઓ માટે ક્રિકેટ તથા વિવિધ રમતો જેવી કે સ્લો સાયકલીંગ, કોથળા રેસ, બીચ કા બદર વિગેરે અવનવી રમતોનું આયોજન કરવામાં આવેલ.

'સ્પોર્ટસ ડે'ને સફળ બનાવવા કન્વીનર નિરવ લાલકા, દિલીપ મોતા, સાગર લોડાયા તથા ''ટી સાર્થક''ના બધાય મેમ્બરોએ તન-મનથી મેહનત કરી હતી. ''વોરીયર્સ ગ્રુપ'' દ્વારા બધાય ક્રિકેટ પાર્ટીસીપન્ટસને ''પાટ્રીસીપન્ટસ ટ્રૉફી'' અર્પણ કરવામાં આવેલ.

### શ્રી પદ્મમુક્તિ વાત્સલ્ય નિધિ ટ્રસ્ટ (ચાલીસગામ)

પ.પૂ.શ્રી. જયલક્ષ્મીશ્રીજી મ.સા.ના પ્રેરણાથી આ ટ્રસ્ટની સ્થાપના થયેલ તેમજ પ.પૂ. શ્રી જયદર્શિતાશ્રીજી મ.સા.ના આર્શિવાદ અને માર્ગદર્શન થી ટ્રસ્ટના કાર્યો સફળતા પૂર્વક ચાલે છે.

દર બુધવારના ગરીબોને ભોજન આપનાર કાયમિતિથીના દાતાઓના નામ : ૧) બિપિનકુમાર મોતિચંદ ધરમશી (હસ્તે ચંદનબાઈ એમ. ધરમશી-હુબલી), ૨) તારાબેન રતનશી પટેલ (હસ્તે વિજયાબાઈ અને વિરચંદ ભાટે-ચાલીસગામ), ૩) માતુશ્રી જ્યોત્સનાબેન મોતિચંદ દંડ (મસ્જિદબંદર), ૪) શા. કુંવરજી પ્રેમજી પટેલ (હસ્તે - વિજયાબેન અને વિરચંદ ભાટે - ચાલીસગામ), ૫) શા. જેઠાભાઈ રતનશી પ્રેમજી પટેલ (હસ્તે વિજયાબાઈ અને વિરચંદ ભાટે - ચાલીસગામ), ૬) મોતિચંદ મણશી દંડ (ડોંબિવલી), ૭) નવિનચંદ ઉમરશી લોડાયા (ડોંબિવલી), ૮) નવિનચંદ્ર ગોવિંદજી દંડના સ્મરણાર્થે (હસ્તે પદમશીભાઈ, કાંતિલાલભાઈ, ગોવિંદજીભાઈ, જગદિશભાઈ, હિરજીભાઈ, મુંબઈ), ૯) કે.કે. દોશી (ચાલીસગામ), ૧૦) કે.ડી.ઓ. જૈન મહાજન - ધુલિયા (પ.પૂ. જયદર્શિતાશ્રીજી મ.સા.ના દીક્ષા તિથી નિમિત્તે-ધુલિયા)

### તીરપુર નગરે

તીરપુર નગરે શ્રી સુવિધિનાથ દાદાની શીતળ છાયામાં ચૈત્ર માસની નવપદની ઓળી ઉજવાઈ. સવારનાં શાંતિ સ્નાત્રપૂજા નવદિવસ નવ દાતા તરફથી ભણાવવામાં આવી. આયંબિલનાં દાતાશ્રી સંપતરાજજી કાર્તિક સોલંકી તરફથી કરાવવામાં આવેલ. દસ દિવસ મળી ૪૫૦ આયંબિલ થયા. ૧ નાં પારણા પણ કાર્તિક ભાઈ તરફથી કરાવવામાં આવેલ.

**શાંતિનાથ દાદાની શિતલ છાયામાં પર્વની આરાધના કરવા સાંધવ ગામે સાંધવ ગામવાસીઓ તથા નિયાણી બહેનોને પધારવા ભાવભર્યું આમંત્રણ**

માદરે વતન સાંધવમાં પર્યુષણ પર્વની આરાધના કરવા તા. ૧૭-૮-૧૭ના કચ્છ એક્સપ્રેસ ટ્રેન દ્વારા બાન્દ્રાથી પ્રસ્થાન. પર્વ પર્યુષણ તા. ૧૯-૮-૨૦૧૭ થી ૨૭-૮-૨૦૧૭ સુધી તા. ૨૮-૮-૨૦૧૭ના ટ્રેન દ્વારા ભુજથી મુંબઈ તરફ પ્રસ્થાન જે ભાગ્યશાળીને પર્વની આરાધના કરવા માટે આવવાની ઇચ્છા હોય તેમણે ટીકીટ માટે નીચે જણાવેલનો સંપર્ક કરવો.

**ગોવિંદજી પટેલ** (મુલુંડ) **વિરચંદ ખોના** (ડોંબિવલી) **રાજેશ દંડ** (ભાંડુપ)
09820540949 09870989005 09930007826

**પર્વની આરાધના કરવા આવનાર દરેક આરાધકની સગવડ મહાજનશ્રી તરફથી કરવામાં આવશે. ટીકીટ ડિપોઝીટ પેટે રૂા. ૫૦૦/- લેવાશે.**

**ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજન - સાંધવ**
પ્રમુખ - **શામજી નરશી દંડ** (મુંબઈ)


**કલા - કસબ અને કલરનો અનોખો સમન્વય**
જ્યોતિ **સિલ્ક સાડી એમ્પોરીયમ**
*Sachi Jari maate real nam*
૨૮, ગની મેન્શન, અરોરા થિયેટર પાછળ, માટુંગા (સે.રે.), કિંગ્સ સર્કલ, મુંબઈ-૪૦૦ ૦૧૯.
Tel.: 2404 3995 / રવિવારે બંધ **Sunday Closed**
**Originally at Zaveri Bazar since 1976**

**યાત્રા પ્રવાસ ક્ષેત્રે આધુનિક પ્રણાલીકાઓના પ્રણેતા...**
**તન મન** ટુર એન્ડ ટ્રાવેલ્સ
**9323360708/25903514-5-6**
**tanmantravels@yahoo.co.in**
**www.tanmantour&travel.com**


જાણીતા, દિગદર્શક, અભિનેતા શ્રી કમલેશ મોતાની સુપુત્રી કુ. સારવીએ પણ પિતાના પગલે... 'મિ. એન્ડ મિસીસ બારોટ'માં અભિનયનો જાદુ પાથરી.. મક્કમ પગલા માંડ્યા છે. અભિનંદનસહ શુભેચ્છાઓ...

**- ચિમન મોતા • તન-મન પરિવાર**


**શીખરજીની સર્વ પ્રથમ અને એકમાત્ર આપણી પોતાની ★★★ જેવી સુવિધાયુક્ત AC હોટલ**
SHIKHARJI Continental
MADHUBAN - JHARKHAND

| **નવા/બદલાયેલા સરનામા/ફોન –** (પુરું નામ અને નવું સરનામું મોકલવાની સાથે જુનું રદ કરવાનું સરનામું અવશ્ય જણાવવું) | |
|---|---|
| **રમેશ નારાણજી દંડ**<br>(PS 4279) | શ્રી આનંદ સત્યમ કો.હા.સો., હાઉસ નં. ૩, પ્લોટ નં. ૧૧૩, સેક્ટર-૨,<br>ગાંધીધામ - ૩૭૦ ૨૦૧. |
| **સુમનલાલ શીવજી લોડાયા**<br>(PS 819) | ૧૬૦૫, અનંત છાયા, ૩૫૩/૩, આર. બી. મહેતા માર્ગ,<br>ઘાટકોપર (ઈ), મુંબઈ-૪૦૦ ૦૭૭. ફોન: ૨૫૦૬ ૮૪૬૨, મો.: ૯૩૨૪૦ ૩૮૪૬૨ |
| **મહેશ ગોવિંદજી લોડાયા**<br>(PS 828) | ૧૬૦૬, અનંત છાયા, ૩૫૩/૩, આર. બી. મહેતા માર્ગ, ઘાટકોપર (ઈસ્ટ),<br>મુંબઈ-૪૦૦ ૦૭૭. મો. મહેશ: ૯૩૨૪૭ ૮૪૮૭૮, મીતા ૯૩૨૧૫ ૦૧૦૨૫ |
| **ચેતન મેઘજી મોતા**<br>(PS 1938) | ૧૨૦૨, સદગુરુ સુપ્રીમ, વાલજી લધા રોડ, અચીજા હોટલ પાસે,<br>મુલુંલ (વેસ્ટ), મુંબઈ - ૪૦૦ ૦૮૦. |
| **ખુશાલ જીવરાજ મોતા**<br>(PS 2386) મો.: ૯૮૩૩૩ ૦૦૦૮૪ | ૩૦૨, બિલ્ડીંગ નં. ૯, ડી વિંગ, રેહબ બિલ્ડીંગ, ઑફ રાણી સતી માર્ગ,<br>શાહ આર્કેડ-૨ ની પાછળ, વાડરી પાડા, મલાડ (ઈ), મુંબઈ-૪૦૦ ૦૯૭. |
| **શ્રીમતી મીનાક્ષી દિલીપ શાહ (લોડાયા)**<br>(PS 2793) | બી-૪૦૨, બાપા સીતારામ બિલ્ડીંગ, રેલ્વે સ્ટેશન પાસે,<br>નાલાસોપારા (ઈસ્ટ) - ૪૦૧ ૨૦૯. |
| **કૌશલ લલીત ખોના**<br>(PS 7308) | એ-૧૨, સાઈ નિવાસ, બીજે માળે, જાદવ વાડી,<br>મહાત્મા ફુલે રોડ, ડોંબીવલી (વેસ્ટ) - ૪૨૧ ૨૦૨. મો.: ૯૧૬૭૧ ૪૫૭૫૬ |
| **રોનક લલીત ખોના**<br>(PS 3933) | બી-૪૨, ૪થે માળે, સાઈબાબા કૉલોની, દેસલે પાડા, ભોપર રોડ,<br>નાંદીવલી, ડોંબીવલી (ઈસ્ટ) - ૪૨૧ ૨૦૪. મો.: ૭૫૦૬૩ ૮૮૭૦૮ |
| **જીતેન્દ્ર નવીનચંદ્ર શાહ (લોડાયા)**<br>(PS 6251) | ૧૦, વૉર્ડ નં. ૧૦, તિલક પથ, ચૌરા પોસ્ટ ઑફીસ પાસે,<br>ખારગાંવ - ૪૫૧ ૦૦૧. (એમ.પી.) મો.: ૯૮૨૬૫ ૨૪૩૧૫ |

## જીવનચક્ર

### સગપણ

| | | | | |
|---|---|---|---|---|
| ૨૭-૦૪-૧૭ | ઘાટકોપર | વિનીત ખિરણ કુંવરજી નરશી લોડાયા | કોઠારા | ૨૯ |
| | સુરત | પૂજા રાજેન્દ્રભાઈ વાલજી દામજી ગોસર | ગોએરસમા | ૨૭ |

### આંતરજ્ઞાતિ સગપણ

| | | | | |
|---|---|---|---|---|
| ૨૨-૦૪-૧૭ | ઘાટકોપર | રીતેશ સુમનલાલ શીવજી લોડાયા | કોઠારા | ૨૮ |
| | અંધેરી | નેહા ચંદન દિલચંદ લાલા | અંધેરી | ૨૮ |
| ૨૪-૦૪-૧૭ | ઘાટકોપર | ભાવિક બિપીનભાઈ ધીરજલાલ ઉદાની | ગોંડલ | ૩૨ |
| | ઘાટકોપર | દિવ્યા નરેન્દ્ર કુંવરજી ધરમશી | રંગપુર | ૩૨ |
| ૨૭-૦૪-૧૭ | નાસિક | કલ્પીન હીરેન નરશી મોમાયા | સાંયરા | ૨૬ |
| | નાસિક | નુપુર મહેશ જનાર્ધન ટોનકુલકર | નાસિક | ૨૬ |

### મરણ

| | | | | |
|---|---|---|---|---|
| ૨૩-૦૪-૧૭ | ઘાટકોપર | વેજબાઈ લક્ષ્મીચંદ જાદવજી નાગડા | નલીયા | ૮૬ |
| ૨૪-૦૪-૧૭ | ગદગ | આશાબેન શાંતીલાલ નાગડા | નલિયા | ૬૬ |
| ૨૪-૦૪-૧૭ | ભાંડુપ | લક્ષ્મીબેન વેલજી ધરમશી | જશાપર | ૭૮ |
| ૨૪-૦૪-૧૭ | ઘાટકોપર | વેલજીભાઈ લક્ષ્મીચંદ નાગડા | નલીયા | ૮૬ |
| ૨૫-૦૪-૧૭ | રાણપુર | શાંતાબેન વીરચંદ પદમશી વિકમશી | આદિપુર | ૬૨ |
| ૨૫-૦૪-૧૭ | મુલુંડ | ગુલાબચંદ જીવરાજ રામજી લોડાયા | કોઠારા | ૭૨ |
| ૨૭-૦૪-૧૭ | ચેમ્બુર | જયવંતીબેન કુંવરજી નથુભાઈ ધરમશી | ગોરખડી | ૮૫ |
| ૨૮-૦૪-૧૭ | વડોદરા | રાજેશ કાંતિલાલ મોતા (શાહ) TIKITAR | રાયધણજર | ૫૯ |
| ૨૯-૦૪-૧૭ | ભાંડુપ | ઉત્તમચંદ રાઘવજી દેવજી મૈશેરી | મોટી સિંધોડી | ૭૧ |

।। શ્રી આદિનાથાય નમો નમઃ ।।

## ગામ સેવક ભરૂડિયાના માતુશ્રી નવલબેન મણીલાલ દંડ પરિવારના

# વર્ષીતપના તપસ્વીઓની હાર્દિક અનુમોદના - સાંજી પ્રસંગે પધારવા હાર્દિક આમંત્રણ...



શ્રી અરિહંત પરમાત્માની અસીમ કૃપાથી, અચલગચ્છાધીપતી પ. પૂ આચાર્યશ્રી ગુણોદયસાગરસૂરીશ્વરજી મ. સા., ગુરૂભગંવતો તેમજ પ.પૂ. સાધ્વી શ્રી આર્યરક્ષિતાશ્રીજી મ.સા., પ.પૂ. સાધ્વી શ્રી દેવરક્ષિતાશ્રીજી મ. સા., પ.પૂ. સાધ્વી શ્રી ચૈતન્યરક્ષિતાશ્રીજી મ. સા., પ.પૂ. સાધ્વી શ્રી વૃતરક્ષિતાશ્રીજી મ. સા., પ.પૂ. સાધ્વી શ્રી દિવ્યગુણાશ્રીજી મ. સા. તેમજ પ.પૂ. સાધ્વી શ્રી કોટીગુણાશ્રીજી મ. સા. ના આશિર્વાદ થી આપણા **અચલગચ્છાધીપતી પ. પૂ આચાર્યશ્રી ગુણોદયસાગરસૂરીશ્વરજી મ. સા.** ના સુવર્ણ વર્ષીતપની અનુમોદનાર્થે અમારા પરિવારની ત્રણ પુત્ર-વધુઓ **૧) અ. સૌ. હેમલતા મહેન્દ્ર દંડ ૨) અ. સૌ. ઉર્મિલા અશોક દંડ ૩) અ. સૌ. સંગીતા રાજેશ દંડ વર્ષીતપની આરાધના સુખ શાતા પૂર્વક કરી રહેલ છે.**



અમારા પરિવારે આ શુભ અવસરે વર્ષીતપના તપસ્વીઓની અનુમોદનાર્થે ભવ્યાતિ-ભવ્ય સાંજીના કાર્યક્રમનું આયોજન કરેલ છે. અમારા પરિવારમાં આવેલ આ ખુશીના પ્રસંગે અમો સમસ્ત સેવક ભરૂડીયા, દલતુંગી, રંગપુર, મોટી ખાવડી, નાની ખાવડી, ગોરખડી, દ્રાફા તેમજ જામનગરના સર્વે સાધર્મિક ભાઈઓ-બહેનો, નિયાણીઓને સહકુટુંબ પધારવા ભાવભર્યું આમંત્રણ પાઠવીએ છીએ. આ પ્રસંગે આપ સર્વે ને પધારીને સાધર્મિક ભકિતનો લાભ આપવા આગ્રહભરી વિનંતી.

**સમય**

રવિવાર, તા. ૧૪/૦૫/૨૦૧૭
સવારે ૯ થી બપોરે ૧ કલાક સુધી

**સ્થળ**

શ્રી મેવાડ કેસરી ભવન, લખી હાઉસ, બીજે માળે
ગુરૂદ્વારાની સામે, ભાંડુપ પોલીસ ચોકીની બાજુમાં,
એલ.બી.એસ. રોડ, ભાંડુપ (વેસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૭૮

લિ. માતુશ્રી નવલબેન મણીલાલ દંડ પરિવાર
મહેન્દ્રભાઈ, અશોકભાઈ ત્થા રાજેશભાઈ મણિલાલ દંડના જય જીનેન્દ્ર

૧) શ્રીફળ તેમજ કોઇપણ જાતની ભેટ-સોગાદ, પુષ્પગુચ્છ વગેરેના અસ્વીકારને ક્ષમ્ય ગણશોજી.
૨) ઉપરોક્ત ગામોના આપના સંપર્કમાં આવતા સર્વે સાધર્મિક ભાઇઓને આ કાર્યક્રમની જાણ કરશો અને એમને સાંજીના આ કાર્યક્રમમાં પધારવા વિનંતી કરશો.

C.D.O. Prakash Samiksha R.N.I.No. MAHGUJ/1998/04640 Day of publication every Monday (01-05-17)
Postal Regd. No. MCE/53/2015 - 2017 WPP Licence No. MR/ Tech/WPP-261/East / 2017
Posting : Tuesday/Wednesday Posted at Mumbai Partika Channel Sorting Office, Mumbai - 400 001

## શ્રી વીરજી લધાભાઈ કે.ડી.ઓ. જૈન વિદ્યાર્થીગૃહ • શ્રી ભવાનજી અરજણ ખીમજી એજ્યુકેશનલ કેમ્પસ

## ''કેરિયર કાઉન્સેલીંગ એન્ડ ડાયરેક્શન'' સેમિનાર રવિવાર, તા. ૨૩-૦૪-૨૦૧૭




















વધુ તસ્વીરો પહેલાં પાને

if undelivered, please return to :
**C.D.O. PRAKASH SAMIKSHA,** C/o. R. R. Nagda, Advocate, 29/41, Tamarind Lane, Rajabahadur Compund, Near Stock Exchange Bldg., Fort, Mumbai - 400 001.
Printed & Published by : **RAICHAND R. NAGDA** on behalf of **C.D.O. PRAKASH SAMIKSHA, SAMITI (Owner)** and Printed at **THE NEW MILLENNIUM PRINTERS,** 314, Mathuradas Mill Compound, N. M. Joshi Marg, Lower Parel, Mumbai - 400013 and Published by him from Premises No. 13A Situate at 29/41, Tamarind Lane, Rajabahadur Compund, Fort, Mumbai - 400 001.
**Editor : Raichand R. Nagda**

To,